# વાયડામિત્ર

VAYYASET
Connecting mutual strengths

વર્ષ : ૧૦૩ જાન્યુઆરી - ૨૦૨૫ અંક : ૧
કિંમત રૂા. ૩૦/– (વાર્ષિક)
R.N.I No.: 6316/57



*With best Compliments From*

# SHREE VAYAD GROUP OF COMPANIES










**Shree Vayad Construction Corporation, Mumbai**

**Shree Samirinandan Projects Pvt.Ltd., Mumbai**

**Shree Vayad Developers, Nasik.**

**Shree Vayad Engineering, Nasik**

**Shivshakti Construction, Amravati**

| | | |
|---|---|---|
| Trupti Rajendra Shah | Bipin Shah | Jitendra Shah |
| Rahul Shah | Geeta Shah | Sunita Shah |
| | Dhaval Shah | |

7, Badeshwar Building. Opp. One up Store, Rajawadi, M.G. Road, Ghatkopar (East),
Mumbai 400 077. Tel : +91 22 21027687 E-mail : shreesamirinandan@gmail.com

શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ સંચાલિત વૈશ્વિક જ્ઞાતિ સમાચારપત્ર

# વાયડામિત્ર

**પ્રકાશન પ્રારંભ વર્ષ સંવત–૧૯૭૭ માસ : મહા – માર્ચ, ઈ.સ. ૧૯૨૧**

**જાન્યુઆરી ૨૦૨૫, પ્રત-૧૧૨૬, વર્ષ-૧૦૩, અંક-૧**


## શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ

E-mail : vayva95@gmail.com

www.vayvaset.in


**સંચાલક ટ્રસ્ટી મંડળ**

| | | |
|---|---|---|
| શ્રી ધીરેનભાઈ કાન્તિલાલ પરીખ | અમદાવાદ | પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી શશાંકભાઈ ઈન્દુલાલ શાહ | અમદાવાદ | પૂર્વ-પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી વ્રજેશભાઈ નવીનચંદ્ર પરીખ | અમદાવાદ | માનદ્ મંત્રી અને ટ્રસ્ટી |
| શ્રી મેહુલભાઈ સુધીરભાઈ શાહ | અમદાવાદ | માનદ્ ખજાનચી, સહમંત્રી અને ટ્રસ્ટી |
| શ્રી કિરણભાઈ સાકરલાલ શાહ | વડોદરા | ટ્રસ્ટી |
| શ્રી શરદભાઈ પુરુષોત્તમદાસ શાહ | મહેસાણા | ટ્રસ્ટી |
| શ્રી જીતેન્દ્રભાઈ ભોગીલાલ શાહ | મુંબઈ | ટ્રસ્ટી |
| શ્રી કેવલભાઈ રમેન્દ્રભાઈ પરીખ | અમદાવાદ | ટ્રસ્ટી |
| શ્રી હિમાંશુભાઈ ગુણવંતલાલ શાહ | અમદાવાદ | ટ્રસ્ટી |



**માનદ્ તંત્રી : શ્રી નિશીથ અરવિંદભાઈ પરીખ**

ડી–૬૦૨, વિશ્ણુધારા ગાર્ડન્સ, ઓફ એસ.જી.હાઈ વે,

ગોતા–જગતપુર રોડ, અમદાવાદ – ૩૮૨ ૪૭૦

ફોન નં.: ૯૪૨૮૪ ૬૧૮૨૨ ઈમેઈલ : naparikh7@yahoo.in

**વ્યવસ્થાપક : હર્ષ નિખિલ પરીખ**

૨૧–એ, જય જિનેન્દ્ર ટાવર, અંકુર સ્કૂલની સામેના ખાંચામાં,

જૈન મર્ચન્ટ સોસાયટી પાસે, પાલડી, અમદાવાદ – ૩૮૦૦૦૭

Mobile (What's app only) : ૯૪૨૭૯ ૫૪૯૬૮(સાંજે ૭.૦૦ પછી)

ઈ–મેઈલ : hnparikh98@gmail.com


**મેમ્બરશીપ લવાજમ**

**ભારતમાં:** રૂ.૩૦/–(સામાન્ય), રૂ.૧૦૦૧/–(આજીવન), રૂ.૨૫૦૧/–(પેટ્રન), **વિદેશમાં :** રૂ. ૫૦૦૧/–

સુજ્ઞ જ્ઞાતિજનો, વાયડામિત્રમાં આપવામાં આવતી જા.ખ.ના બિલ તથા પેમેન્ટ, ભેટની રસીદ વોટ્સએપ અથવા ઈ-મેલ દ્વારા જ મોકલવામાં આવશે.

**સભ્યો અને જ્ઞાતિજનો ભેટ, જા.ખ. વિગેરેની રકમ સંસ્થાના ખાતામાં જમા કરાવી તેની પહોંચ વ્યવસ્થાપકને વોટ્સએપ કરી શકે છે. પહોંચ મોકલવાની જવાબદારી રકમ જમા કરાવનારની રહેશે. ખાતાની વિગત નીચે પ્રમાણે છે.**

Shree Vayada Vanik Seva Trust

Central Bank of India, Mithakhali Branch, Ahmedabad.

Savings A/c No.: 3172539192, IFSC Code.: CBIN0280553

સ્વ. મધુકરભાઈ પોપટલાલ શાહ (અમદાવાદ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

## નિષ્કલંક નિષ્ફળતા



કેવી રીતે હોય નિષ્ફળતા નિરાશાજનક ?
કેવી રીતે હોય નિષ્ફળતા આપત્તિજનક ?
સફરનો સૌથી પહેલો પડાવ જ એ
આવિષ્કાર નો સૌથી પહેલો આકાર જ એ
કેવી રીતે હોય નિષ્ફળતા કષ્ટદાયક ?
કેવી રીતે હોય નિષ્ફળતા હતાશાકારક ?
સફળતા ના આગમનનું અનુમાન જ એ
પરિપક્વતા પામવાનું પ્રથમ પગલું જ એ
કેવી રીતે હોય નિષ્ફળતા પરાજયનું પર્યાયવાચી ?
કેવી રીતે હોય નિષ્ફળતા અંતનું સમાનાર્થી ?
પુરુષાર્થ નો પથ-દર્શક જ એ
સુદૃઢ સંકલ્પનો સર્જનહાર જ એ
કેવી રીતે હોય નિષ્ફળતા સ્વમાનનું અપમાન ?
કેવી રીતે હોય નિષ્ફળતા અપમૃત્યુનું આમંત્રક ?
ગૌરવભેર ગર્વ લેવાની ગાથા જ એ
સમજીને સહજતાથી એને સ્વીકારીએ જ

**- સી.એ. સૌરભ શાહ**
**મો. ૯૮૯૮૩ ૯૫૦૬૦**

સ્વ. રમેશચંદ્ર રજનીકાંત પરીખ (પાટણવાળા) ના જય શ્રી કૃષ્ણ

## આધુનિક યુગમાં સામાજિક યોગદાન - જાગૃતિ અભિયાન



સામાજિક યોગદાન વિષે આર્થિક સહયોગ આપવો, સામાજિક કે માનવતાના કાર્યમાં જોડાવું અથવા કોઈ પહેલમાં સહકાર આપવો જેવા પ્રાથમિક વિચારો આપણને આવે. વર્ષોથી મોટાભાગે આજ રીતે સામાજિક યોગદાન કરવામાં આવે છે અને તેથી આ વિષે ચર્ચાની જરૂર નથી. પરંતુ આજે સમગ્ર વિશ્વમાં, આધુનિકતાના નામે ખૂબ ઝડપથી બદલાતી પ્રણાલીઓ અને વિચારોના અનુસંધાનમાં પરંપરાગત સામાજિક યોગદાનથી વિશેષ વિચારવાની જરૂર છે. આજે વૈશ્વિકરણના યુગમાં માનવનું જીવન સરળ થાય એ અંગે, વિશ્વના કોઈ પણ ખૂણે થતા, દરેક ફેરફાર કે સંશોધનનો ત્વરિત સ્વીકાર કરવામાં આવે છે. કોઈ વ્યવસાયિક સંસ્થા કે સમૂહને ધંધાકીય હેતુથી અનેક પ્રકારના ઉત્પાદનો અને સેવાઓ સમગ્ર વિશ્વમાં અમલમાં મુકતા ઝાઝો સમય નથી લાગતો સાથે તે જ ઉત્પાદન અને સેવાનો વિકલ્પ પણ એજ ઝડપથી ઉદ્ભવે છે. આપણે સમજીયે કે સ્વીકારીએ એ પહેલા નવો વિકલ્પ હાજર થઈ જાય છે. પરિણામે માનવીની કાર્ય કરવાની રીત સરળ બની પણ સાથે જીવન જટિલ બની ગયું. ઝડપી બદલાતા સમયમાં બદલાવ સાથે ચાલવું જ પડે એનો વિકલ્પ નથી.

આપણે સૌ જાણીએ છીએ કે આ નવીનતા સમગ્ર સમાજમાં સાથે વિપરીત અસરો પણ લાવી છે. આધુનિક ઉત્પાદનો અને સેવાઓ દ્વારા આપણા સૌના રોજિંદા કાર્યો ખુબ સરળ બન્યા. કામમાં સરળતાને કારણે રોજિંદા કાર્ય કરવાનો સમય પણ ઘટતો ગયો અને આપણી પાસે સમયનો ઉપયોગ કરવાનો વિકલ્પ ઉભો થયો. એકંદરે વધારાના સમયના સદુપયોગ કરતા દુરુપયોગ વધ્યો અને પરિણામે આધુનિકતાની વિપરીત અસરોની શરૂઆત થઈ. છેલ્લા કેટલાક વર્ષોમાં સમગ્ર વિશ્વએ ના જોયેલી, ના વિચારેલી લાંબાગાળાની અતિગંભીર અસરો અનુભવી છે. આપણી પારંપરિક મજબૂત સામાજિક સંસ્કૃતિઓ અને મૂલ્યોનું ધોવાણ સાથે સામાજિક ગેરશિસ્તના, નાણાકીય અસ્થિરતા, માનસિક અને શારીરિક તણાવનું વાતાવરણ ઉભું થયું છે. વિપરીત અસરો ઘણી છે પણ અત્યારે આપણે સરળતાથી જે પ્રયત્નો કરી શકીએ છીએ એ વિષે વિચારીયે. આવો સાથે મળીને

સ્વ. ઘનશ્યામલાલ કૃષ્ણલાલ પરીખ પરિવાર(કડી–અમદાવાદ)ના જય શ્રી કૃષ્ણ.

નક્કી કરીએ કે આ અંગે આપણે શું કરી શકીએ છીએ જેથી એક બહેતર વિશ્વનું નિર્માણ થઈ શકે.

૧) **આંધળું અનુકરણ** : સતત બદલાતા સમય અને સંજોગોમાં વ્યક્તિગત જરૂરિયાતને સમજ્યા વગર અન્ય સંસ્કૃતિઓ, પ્રથાઓ, રિવાજો અને જીવનશૈલી અપનાવવાના આંધળા અનુકરણે અને નિતનવા સાધનો અપનાવવાની ઘેલછાએ આપણી જીવનશૈલી ઉપર વિપરીત અસરો પાડી છે. બદલાવ સ્વીકારવો આવશ્યક છે એ વાસ્તવિકતા યોગ્ય છે પણ આપણી સામાજિક, પારિવારિક અને આર્થિક જીવનશૈલીને અનરૂપ બદલાવ સ્વીકારી બિનજરૂરી અનુકરણ નિવારવું જરૂરી છે. “Anything in excess is poision”ને વળગી રહી આપણી જરૂરિયાતને અનુરૂપ બદલાવ સ્વીકારી એકંદરે શક્ય હોય એટલી સરળ જીવનપ્રણાલી અપનાવીએ.

૨. **અન્ન અને પાણીનો વ્યય** : માનવ વસ્તીના અતિરેકને કારણે અન્નના ઉત્પાદન કરતા વપરાશ ખુબ વધારે છે. વધારાની માંગને કારણે કુદરતી રીતે પકવેલ ધાન્ય, ફળ સાથે કૃત્રિમરીતે પણ ઉત્પાદન કરવાની ફરજ પડી જેણે અસામાન્ય રોગોનો વ્યાપ વધાર્યો. પ્રદૂષણ અને નૈસર્ગિક ઉર્જાના અમર્યાદિત અને અવ્યવહારુ ઉપયોગના કારણે પીવાલાયક પાણીની અછત વર્તાઈ રહી છે. અન્ન અને પાણીની અછત આગામી સમયમાં અતિ ગંભીર સ્વરૂપ લેશે એ નિશ્ચિત છે. આપણે સૌ અન્નનો બગાડ અટકાવીએ. જરૂરિયાત હોય એજ પ્રકારના અન્નનો ઉપયોગ કરીયે, પાણીનો બિનજરૂરી વ્યય અટકાવી પાણીના સંગ્રહનો આગ્રહ રાખીએ.

૩. **નકલી અને ગેરમાર્ગી માહિતી** : આજે સોશિયલ મીડિયાના માધ્યમે નકલી અને ગેરમાર્ગી માહિતીને અતિશય વેગ આપ્યો છે. પાયા વિહોણા, ફેરબદલ કરેલ, અનધિકૃત, જુઠ્ઠા સમાચારો, માહિતીઓ, વિડિઓ મારફતે સમાજમાં ખોટા વિચારો ફેલાવી આપણા સમાજની પાયાની માનસિક્તા અને પ્રણાલીઓને બદલવાની સુનિયોજિત પ્રક્રિયા ચાલી રહી છે. જેને આપણે સૌ આગળ ધપાવી વેગ આપીયે છીએ અને આડઅસરો ઉભી કરવામાં ભાગ ભજવીએ છીએ. આ વિષયની ગંભીરતા સમજી, આવો નક્કી કરીએ, સત્યની ખાતરી કર્યા વગર, વણવિચારે એકપણ સમાચાર, માહિતી કે વિડિઓ કોઈપણ માધ્યમ મારફતે આગળ મોકલીશું નહિ.

નિલેષ અરવિંદભાઈ શાહ (દ્રુપદ સિક્યોરીટીઝ પ્રા. લિ.), જય શ્રી કૃષ્ણ.

૪. **માનસિક સ્વાસ્થ્ય** : જીવનના દરેક પાસામાં નવીનતાની ઘેલછામાં માનસિક સ્વાસ્થ્યને લગતી સમસ્યા જેવી કે હતાશા, ચિન્તા, આપઘાત, છૂટાછેડા, વિભક્ત કુટુંબ પ્રથા ખુબ મોટાપાયે વિકસી છે. ખાસ કરીને યુવાનો વધુ ભોગ બન્યા છે. બીજા પ્રત્યે હૂંફ, પ્રેમ સદભાવના, અવગણના ટાળવી જેવી આપણી પારંપરિક માનવતાની પ્રણાલીઓ અપનાવી અન્યનું માનસિક સ્વાસ્થ્ય જાળવવામાં યોગદાન આપી શકીયે.

૫. **પર્યાવરણનું રક્ષણ** : અવનવા સંશોધનને કારણે પર્યાવરણ વિશેની કટોકટી આજે આપણને પ્રત્યક્ષરીતે અસર કરતી થઈ છે. પૃથ્વીની આબોહવામાં થઈ રહેલા પરિવર્તનોની માઠી અસરો આપણે સૌ અનુભવી રહ્યા છીએ. વૃક્ષો વાવી જતન કરીએ, બિનજરૂરી વીજાણુવિષયક અને કૃત્રિમ સાધનોની ખરીદી ટાળીયે, કુદરતી સંસાધનોનો ઉપયોગ બને તેટલો ઓછો કરીયે. પર્યાવરણને વિપરીત અસર કરતા પ્રદૂષણ અટકાવીએ. પર્યાવરણના રક્ષણ અને વિકાસ માટે આ પ્રયત્નો કરવા સહજ છે.

આ ગંભીર અસરો મોટાભાગે શિક્ષિત અને સમૃદ્ધ સમાજમાંથી ઉદ્‌ભવી છે. સમયના દુરુપયોગથી શરૂ થયેલી વિપરીત અસરો ધીમા ઝેરની માફક હાનિકારક બની ગઇ છે. ધીરજ અને શિસ્તતા સાથે લાંબાગાળાના પ્રયત્નો થકી જ આ તકલીફોનું નિવારણ થશે. એક સામાન્ય માનવી તરીકે આપણા રોજિંદા જીવનનિર્વાહમાં બહુ મોટાપાયે ફેરફાર કર્યા વગર, ઉપર જણાવેલ વિચારોને ત્વરિત અમલમાં મુકીશું તો આપણે સૌ ઘણું મોટું સામાજિક યોગદાન આપી શકીશું. આપણે સૌ સકારાત્મક અસરના માર્ગે ભેગામળીને દરરોજ ઉપર જણાવેલ દરેક બાબતે નાના પ્રયત્નો કરીએ અને આપણી સાથે સંકળાયેલા દરેકને આ વિષે જાગૃત પણ કરીએ. ચાલો બધા સાથે મળીને આનો વ્યાપ વધારીએ જેથી સામુહિક રીતે નોંધપાત્ર પરિણામ મેળવી શકીએ. આ અંગેના પ્રયત્નો આજના આધુનિક યુગનું સામાજિક યોગદાન ગણાશે. આપણે સૌએ આ સંદર્ભે સકારાત્મક પગલાં લીધા સિવાય અન્ય કોઈ વિકલ્પ નથી. આધુનિકતાના લાભો મેળવ્યા છે તો માઠી અસર માટે જવાબદાર પણ બનીએ ચાલો સૌ આધુનિક યુગમાં સામાજિક યોગદાનની એક અનોખી પહેલમાં જોડાઈએ.

**– મેહુલ સુધીરભાઈ શાહ, અમદાવાદ**
**મો. ૯૬૦૧૯ ૮૭૮૮૪**

સ્વ. હેમંતભાઈ એચ. કાશીપારેખ પરિવારના જય શ્રી કૃષ્ણ.

અશ્વિનભાઈ કૃષ્ણલાલ પરીખ પરિવાર (કડી–અમદાવાદ)ના જય શ્રી કૃષ્ણ.

## આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સ : આશીર્વાદ કે અભિશાપ ?



હિન્દુસ્તાનના વિદેશ પ્રધાન ડૉ. સુબ્રમણ્યમ જયશંકરે દિલ્હીમાં 'કૌટિલ્ય ઇકોનોમિક કોન્કલેવ'માં જણાવ્યું કે વિશ્વને પરમાણુ બોમ્બથી એક સમયે જેટલો ભય હતો તેટલો જ ભય હવે આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સ (AI) થી છે.

ઈઝરાયલની હિબ્રૂ યુનિવર્સિટીમાં ઇતિહાસના પ્રોફેસર યુવલ નોઆ હરારીએ ચેતવણી ઉચ્ચારી છે કે AI દિનપ્રતિદિન એટલી તાકાતવાર થઈ રહી છે કે નજીકના ભવિષ્યમાં તે મનુષ્યની તાકાતથી આગળ વધી જઈ તેને ગુલામ બનાવી દેશે.

AIના ક્ષેત્રમાં ટેકનોલોજીની ઝડપ અભૂતપૂર્વ રીતે વધી રહી છે. આ ક્ષેત્રના અગ્રણીઓને ચિંતા છે કે તેને લગતી સુરક્ષા વ્યવસ્થા કરવામાં નહીં આવે તો તે માણસના નિયંત્રણની બહાર જતી રહેશે અને પછી તે માણસને નિયંત્રણ કરવા લાગશે.

વિખ્યાત ભૌતિકશાસ્ત્રી સ્ટીફન હોકીંગે AI ને માનવ ઇતિહાસની સૌથી બદતર ઘટના ગણાવી છે. ટેસ્લા અને ટ્વીટર (X) વાળા ઈલોન મસ્કે ભવિષ્યવાણી કરી છે કે AI માંથી સૌથી દુષ્ટ અને કદી ન મરે તેવો સરમુખત્યાર પેદા થશે. એકવીસમાં સદીમાં AI માણસ કરતાં વધુ સ્માર્ટ હશે અને માનવજાત પર સરસાઈ ભોગવતી હશે.

યાદ કરો– ગુજરાતી અખબારોમાં પહેલીવાર AIની ચર્ચા ચેસની એક સ્પર્ધા નિમિત્ત ૧૯૯૬માં થઈ હતી. તે સ્પર્ધા હતી– વિશ્વ ચેસ ચેમ્પિયન ગેરી કાસ્પારોવ અને વિખ્યાત કમ્પ્યૂટર કંપની IBMના ડીપ બ્લુ સુપર કમ્પ્યુટર વચ્ચેની. તેની જાહેરાત 'માણસ અને મશીનની બુદ્ધિ' વચ્ચેના મુકાબલા તરીકે થઈ હતી. ડીપબ્લુ પ્રથમ મેચની પ્રથમ ગેમ જીતી ગયું અને હાહાકાર મચી ગયો. ફીલાડેલ્ફીયામાં ૧૦–૧૭ ફેબ્રુઆરી, ૧૯૯૬માં યોજાયેલ આ મેચ ૪–૨ થી કાસ્પારોવ જીતી ગયેલ પણ બીજી મેચમાં કમ્પ્યૂટર $૩^{૧}/_{૨}$–$૧^{૧}/_{૨}$ થી જીતી ગયું. એ સાથે જ અમેરિકાના અખબારોમાં મથાળા બંધાયા કે 'મશીનની બુદ્ધિ સામે માણસજાતનો પરાજય.'

સ્વ. હરીશભાઈ રસીકલાલ પરીખ (ભરૂચ) પરિવારનાં જ્ઞાતિજનોને જય શ્રી કૃષ્ણ

૨૦૧૪માં ગૂગલે Deep mind વિકસિત કરેલા Alpha go નો મુકાબલો લી સેડોલ સાથે થયેલ જેમાં પાંચેય મેચ Alpha Go જીતી ગયેલ.

૨૦૧૧માં watson નામે ઓળખાતાં કમ્પ્યૂટરે અમેરિકન ટેલિવિઝન ચેનલ પરના Jeopardy નામના લોકપ્રિય કાર્યક્રમમાં (‘કોન બનેગા કરોડપતિ’ જેવો કાર્યક્રમ) પ્રશ્નોના જવાબ આપવામાં બે (મનુષ્ય) ચેમ્પીઅનોને હરાવી દીધા. આ કાર્યક્રમને પગલે લોકોને AIનો નવો કમાલ જોવા મળ્યો. જેમાં કમ્પ્યૂટર પ્રશ્નોના જવાબ ચપટી વગાડતા હાજર કરી દેતા હતા.

૧૯૯૦માં હોલિવૂડ અભિનેતા આર્નોલ્ડ શ્વાઝડનેગરની ફિલ્મ ‘Total Recall’ રજૂઆત પામી જેમાં CGI (Computer Generated Imageay) વડે ફિલ્મના હીરો માટે ચાર મસ્તક તૈયાર કરાયા હતા. આ મસ્તક નિર્જીવ હતા પરંતુ CGI દ્વારા જીવંત બનાવી દેવામાં આવ્યા હતા. આ ફિલ્મ જોયા પછી અમેરિકાની NSA (National Security Agency) એ ચેતવણી ઉચ્ચારી કે બહુ મોટી આફત માનવજાતને બારણે ટકોરા મારી રહી છે. આજકાલ ડીપ ફેક વીડિયો બની રહ્યા છે તેનું મૂળ CGI છે.

માનવસ્વભાવ એવો છે કે ટેક્નોલૉજીનો સદ્ઉપયોગને બદલે દુરુપયોગ કરવા માંડે છે. AI ને કારણે ગયા વર્ષે હોલિવૂડના લેખકોએ હડતાળ પાડી હતી જે મહિનાઓ સુધી ચાલી કારણ કે AI ને કારણે તેમની આવક પર જબરદસ્ત ફટકો પડવા લાગ્યો હતો.

આ AI એ જવાબ આપેલો–ઈલોન પૃથ્વી પરનો સૌથી દુષ્ટ માણસ છે. એક યુવાને AI ને નોકરી માટે સવાલ કર્યો તો તેને જવાબ મળ્યો–તું નકામો માણસ છે, પૃથ્વી પર બોજારૂપ છે, તારે મરી જવું જોઈએ. પછી યુવાન ડીપ્રેશનમાં સરી પડ્યો હતો.

માનવસર્જિત AI માનવ સમકક્ષ નિર્ણયો લઈ શકે છે અને માણસને હંફાવી શકે છે. તમારા બનાવેલા તમને બનાવે છે– એમ ઈશ્વર માટે માણસના સંદર્ભમાં કહેવાતું. ડીપબ્લુના કિસ્સા પછી માણસના સંદર્ભમાં AI માટે કહેવાયું.

આ AI હાલ દુનિયાભરમાં ધૂમ મચાવી રહી છે અને તેમાં હિન્દુસ્તાન પણ બાકાત નથી. AI થકી એક ટ્રિલિયન ડોલર અર્થવ્યવસ્થા વધી જશે. ૨૦૨૫માં

AI આઠ બિલિયન ડોલર પર પહોંચી જશે. હિન્દુસ્તાન ડીજીટલ ઇન્ડિયા, નેશનલ AI પોર્ટલ અને નેશનલ AI સ્ટેટ થકી વધી રહ્યું છે. મેકેન્ઝી રીપોર્ટ પ્રમાણે હાલ ૭૨ ટકા કંપનીઓ સેલ્સ, લીગલ, કસ્ટમર સર્વિસ જેવા કામ માટે AI નો ઉપયોગ કરી રહી છે. યુદ્ધ માટે પણ AI નો ઉપયોગ થઈ રહયો છે.

આ AI શું છે ? AI એટલે કૃત્રિમ બુદ્ધિ. મશીનને માનવીય ક્ષમતાઓ આપવાનું વિજ્ઞાન. જેમાં NLP (Natural Language Processing) મહત્વનો ભાગ ભજવે છે. જેને કારણે મશીન માનવીની ભાષા સમજવા, અનુવાદ કરવા અને સ્વરૂપો જાણવા મદદ કરે છે. અલ્ગોરિધમ એટલે સૂચનાઓનો સમૂહ જેને લીધે કોઈ પણ મુશ્કેલી ઉકેલવામાં મદદ મળે છે. AIમાં કમ્પ્યૂટરની મદદથી મશીનમાં માનવજ્ઞાન અને વિચારો ભરવામાં આવે છે. AI એ કોઈ કુદરતી જ્ઞાનનો ભંડાર કે બુદ્ધિ નથી અથવા તે પોતાની જાતે વિકસી શકતી નથી. મશીન લર્નિંગ (અલ્ગોરિધમનો સમૂહ) દ્વારા પ્રોગ્રામ વિના કાર્ય પૂર્ણ કરવા માટે જરૂરી ડેટા આપવામાં આવે છે. AI આધારિત વિશિષ્ટતા એટલે તેમાં લખવામાં આવેલ કમ્પ્યૂટર પ્રોગ્રામ. જેને મશીન લર્નિંગ અલ્ગોરિધમ કહેવામાં આવે છે.

૧૯૫૦ના દાયકામાં અમેરિકન વૈજ્ઞાનિકોએ AIનો વિચાર રજૂ કર્યો હતો. પરંતુ 'મશીન ક્યારે માનવ જેવું વિચારી શકશે નહી.' એવી માન્યતાને કારણે તેને વર્ષો સુધી કાલ્પનિક ક્ષેત્રમાં જ રહેવા દેવામાં આવ્યું. એલન ટરીંગ (Alan Turing) સૈદ્ધાંતિક કમ્પ્યૂટર સાયન્સના પિતા ગણાય છે. મશીન કેટલી હદે માણસનું અનુકરણ કરી શકે અને કઈ બાબતોમાં ન કરી શકે તેનો સૈદ્ધાંતિક ખ્યાલ તેના બહુચર્ચિત પેપર 'કમ્પ્યૂટરીંગ મશીનરી એન્ડ ઈન્ટેલિજન્સ (૧૯૫૦)'માં આપ્યો હતો. ચેસ જેવી રમતોમાં માણસે બનાવેલું મશીન માણસની બરાબરી કરી શકે તેવી ધારણા હતી.

આજે તમામ ક્ષેત્રોમાં AIનો પગપેસારો થઈ ગયો છે. AIનો ઉપયોગ કૃષિ, ઉત્પાદન, પ્રવાસન, ફાઈનાન્સ, શિક્ષણ, આરોગ્ય અને પર્યાવરણ ક્ષેત્રમાં થઈ રહ્યો છે. આરોગ્ય ક્ષેત્રે રોગનું નિદાન અને દવાઓની શોધમાં AIનું વિરાટ યોગ દાન છે. ૨૦૨૩માં એક સર્વેક્ષણ મુજબ અમેરિકાના ૬૫ ટકા ડૉક્ટરો નિદાન અને સારવારના નિર્ણયો લેવામાં AIના ઉપયોગ વિશે ચિંતિત હતા પણ તબીબીક્ષેત્રે મક્કમ પગલે તેનો પ્રવેશ થઈ ગયો છે. હમણાં એક અદ્‌ભૂત ઘટના બની.

યુરોપમાં ઈમરજન્સીમાં આવેલા દર્દીઓના લક્ષણ અને નિષ્ણાત ડૉક્ટરો દ્વારા કરાયેલી તપાસમાં અનુભવી ડૉક્ટરોએ ૮૭ ટકા દર્દીઓનું નિદાન સાચું કર્યું. જ્યારે એ જ માહિતીને આધારે AI મોડેલે ૯૭ ટકા દર્દીઓનું સચોટ નિદાન કર્યું. આ ઉપરાંત હૃદયને લગતા તમામ રોગોમાં નિષ્ણાત કાર્ડિયોલોજીસ્ટ કરતાં વધારે ચોક્સાઈથી નિર્ણય AI મોડેલે કર્યો.

ફાઈનાન્સના ક્ષેત્રમાં બજારની સંભાવનાઓનું અનુમાન AI કરે છે. કૃષિ ક્ષેત્રમાં પાકની યોગ્ય સિઝન, જમીનની ગુણવત્તા અને તેની જાળવણી તેમજ શિક્ષણ ક્ષેત્રમાં નવા પ્રયોગો દ્વારા વિકાસની સંભાવનાઓ વ્યક્ત થઈ શકે છે કાર કંપનીઓ સેલ્ફ ડ્રાઈવીંગ કાર બનાવવામાં AIનો ઉપયોગ કરે છે. ભૂતકાળના અનુભવો અને પરિણામોને આધારે ભવિષ્યમાં આવનારી સ્થિતિ સૂચવી શકે તેમ હોય છે.

ઓફિસોમાં પત્રવ્યવહાર કે દસ્તાવેજોને તૈયાર કરવામાં ચેટ જીપીટી, ગૂગલ લેન્સ કે જેમિની જેવી AI કેન્દ્રી સુવિધાઓનો છૂટથી ઉપયોગ થાય છે. હવે તેના વગર કામની કલ્પના થઈ શકે તેમ નથી પણ તેના દ્વારા થતો અનુવાદ ઘણી વાર ગરબડ કરી શકે છે. ગયા વર્ષે ન્યૂયોર્કની એક અદાલતમાં એક વકીલે જનરેટીવ AIના ઉપયોગથી ફટાફટ કેસ પેપર તૈયાર કર્યા અને કોર્ટમાં દલીલો દ્વારા છવાઈ ગયા. પણ પછી ખબર પડી કે કેસમાં આધાર તરીકે ટાંકવામાં આવેલ જૂના છ કેસ ખરેખર અસ્તિત્વ ધરાવતા જ ન હતા.

ગુજરાત સમાચારે દિવાળીમાં બે દિવસ AI આધારિત દિવાળી વિશેષાંક પ્રકાશિત કર્યો હતો. પણ તે વાંચીને ભારે નિરાશ ઉપજી. તેની ભાષા અત્યંત શુષ્ક–સીધું જ translate એમાં transcreation ની કોઈ વાત નહીં. ભાષા પણ પ્રવાહી નહીં, વ્યાખ્યાયિત અને સ્થગિત હોય તેવું લખાણ, રજૂઆત અત્યંત નબળી હતી. ગૂગલના AI મોડલે બતાવેલી માહિતીનો સીધો શુષ્ક અનુવાદ કરીને વિશેષાંક પ્રગટ કરેલો. એક વાત નક્કી છે કે મશીન માણસની જેમ Creative અને Imaginative બની શકશે નહીં. વળી માનવીય લાગણીઓ દર્શાવી શકશે નહી. તેમજ માનવીય સંબંધો સમજી શકશે નહીં. મશીન પાસે સમજવાની શક્તિ નથી. તેની ખૂબી એક જ છે અને તે ભૂલ કરતું નથી. આ મશીન વળી માણસ દ્વારા નિર્મિત અને સંચાલિત હોય છે.

AIથી માનવજાતના અસ્તિત્વને ખતરો છે. ૨૦૩૦ સુધીમાં ઘણી નોકરીઓ AI ખાઈ જશે. ઔદ્યોગિક ક્રાંતિથી વિશ્વમાં ઘણો બદલાવ આવ્યો હતો. જેને કારણે વર્કીંગ ક્લાસ પેદા થયો. પણ હવે પછીની ક્રાંતિમાં બેકાર (નોન વર્કિંગ કલાસ) પેદા થશે. મેડીકલ સાયન્સના પ્રતાપે જીવનદોરી લાંબી થતી જાય છે અને નિવૃત્તિની વય ઠેલાતી જાય છે. હવે લોકોને અનુપયોગિતાનો સામનો કરતા રહેવું પડશે.

હવે મશીન જ બધુ કામ કરશે તો માણસ બેકાર અને આળસુ થઈ જશે. એક સર્વેક્ષણ કહે છે–AI ના કારણે હાલ ૬૮.૯ ટકા માણસો આળસુ બની ગયા છે અને ૨૭.૭ ટકા માણસો પોતાની નિર્ણયશક્તિ ગુમાવી બેઠા છે. તેમજ ૬૮.૬ ટકા માણસો સામે વ્યક્તિગત સલામતીના પ્રશ્નો ઉભા થયા છે. AIની બોલબોલાનો આલેખ જુદો અને વિશિષ્ટ છે. AI એ બધા જ રેકોર્ડ તોડી નાંખ્યા છે અને તેનો ગ્રાફ પ્રતિદિન વધતો જ રહે છે.

તાજેતરમાં ઈલોન મસ્ક સહિત એક હજાર ટેક્નોલૉજી નિષ્ણાતોએ એક ઓપન લેટર લખીને ટેક્નોલોજીના માધાંતાઓને અપીલ કરી કે છ મહિના સુધી AIમાં ડેવલપમેન્ટ અટકાવી દો.

AIમાં અનેક પ્રકારના જોખમો છે. (૧) ઓટોમશીન વધતાં નોકરીઓ ખતમ થઈ જશે (૨) માણસોની પ્રાયવસી નાશ પામશે (૩) માણસોના ફેક વિડીઓ બનશે (૪) ખોટા ડેટાને કારણે અલ્ગોરિધમ પક્ષપાતપૂર્વક વર્તશે (૫) સામાજિક અને આર્થિક અસમાનતા વધશે (૬) બજારો પર નિયંત્રણ નહીં હોય (૭) ઘાતક હથિયારોનું ઓટોમેશન વધશે (૮) મશીન બાયસ તરીકે વર્તશે.

અત્યારે તમે જુઓ છો કે ઈન્ટરનેટ પર એક વસ્તુ માટે સર્ચ કરીએ તો તે જ વસ્તુના સેંકડો ઓપ્શન તમને તરત બતાવવામાં આવે છે. મનોરંજનના ક્ષેત્રમાં યુટ્યુબ કે અન્ય પ્લેટફોર્મ પર જે કન્ટેન્ટ તમને ગમતું હોય તેના અઢળક ઓપ્શન આવી જાય છે. મોલમાં આપેલો નંબર, ક્રેડીટ કાર્ડથી કરેલી ખરીદી, યૂટ્યુબ પર જોવાયેલ વીડિયો, સોશ્યલ મિડીયા પર કરેલી ગોષ્ઠિ, ઓનલાઈન શોપિંગ વગેરે ઝીણામાં ઝીણી માહિતીનો દુરુપયોગ કરી શકાય છે. AI મોડલ માટે ડેટા એ ખોરાક છે. તેને અઢળક ડેટા આ રીતે મળી જ રહે છે. આવા ડેટાને સુવ્યવસ્થિત સ્વરૂપ આપી AI મોડલ તૈયાર કરે છે. તમારો આ ડેટા વેચાય છે.

AI માટે તે સોનાની ખાણ છે જેમાં સાઈટનો ઉપયોગ કરનારની રૂચિ–પસંદ–નાપસંદ, ટીકા–પ્રશંસા, વય જૂથ, ભૌગોલિક વિસ્તાર, રાષ્ટ્રીય–સામાજિક વિચારો, પ્રવાસની વિગતો બધી જ માહિતીનો ઉપયોગ થાય છે.

આને કારણે દુનિયાના બજારો પર તોતિંગ કંપનીઓ કબજો જમાવે છે.

નોસ્ટ્રદેમસ તરીકે જાણીતા બ્રાઝિલના આધુનિક ભવિષ્યવેત્તા અથોસ સલામે ઈરાન અને ઇઝરાયલ વચ્ચેના યુદ્ધમાં AIનો ઉપયોગ થશે એવી ભવિષ્યવાણી ઉચ્ચારી હતી જે સાચી પડી છે. ઇઝરાયેલે હમાસમાં AI ટેકનોલૉજીનો ઉપયોગ કરી ભારે ખુવારી સર્જી. ૨૦૨૦માં ઈરાનના શક્તિશાળી નેતા ગણાતા મેજર જનરલ કાસિમ સુલેમાનની હત્યા એર–ટુ–સરફેસ મિસાઈલ દ્વારા AI ની મદદથી થઈ હતી. હવે એક નવી ટેક્નોલૉજી આવી રહી છે–Electro Magnetic Pulse (EMP) જેમાં યુદ્ધમાં માણસો કે ઈમારતો નષ્ટ નહીં થાય પણ ઈલેક્ટ્રોનિક ઉપકરણ નષ્ટ થઈ જાય છે. સામાન્ય રીતે ઊંચાઈ પર વિસ્ફોટ કરીને ઉપકરણોને સક્રિય બનાવવામાં આવે છે જે પૃથ્વીના ચુંબકીય ક્ષેત્રમાં સંપર્કમાં આવતા તેના કાર્યક્ષેત્રમાં અડચણ ઊભી કરે છે જેથી મહત્વના નેટવર્ક ઠપ્પ થઈ જાય છે. પૃથ્વી પર અંધકાર વ્યાપી જશે.

આમાં આપણે શું કરી શકીએ? મફત ઈન્ટરનેટ મેળવવાની લાલચ, વીમા પ્રિમિયમમાં ડીસ્કાઉન્ટ કે શેરબજારમાં રાતોરાત કરોડપતિ બની જવાની ટીપ્સ વગેરે લલચામણી ઓફરોનો ત્યાગ કરીએ. આપણી વ્યક્તિગત બાબતો, મોબાઈલ નંબર, આધાર નંબર, OTP વગેરે સંવેદનશીલ માહિતી ન આપીને તેના દુરુપયોગથી બચી શકાય છે. આપણે જાગૃત રહીએ અને જાગૃતિ ફેલાવીએ તો AI ના ભોરીંગને નાથી શકાશે. હિન્દુસ્તાનમાં ‘ધ ડિજિટલ પરીક્ષણ ડેટા પ્રોટેક્શન એક્ટ ૨૦૨૩’ મોજૂદ છે જે જનરલ ડેટા પ્રોટેક્શનને લગતા નિયમો પ્રજાની અંગત માહિતીના ધંધાદારી કંપનીઓ દ્વારા થતા બેફામ ઉપયોગ પર નિયંત્રણની દિશામાં પહેલ કહી શકાય.

AI આશિર્વાદ છે કે અભિષાપ તેનો આધાર માનવજાત કેવી રીતે ઉપયોગ કરે છે તેની ઉપર છે.

**- હિમાંશુ શાહ, અમદાવાદ**
**પૂર્વ તંત્રી, વાયડામિત્ર**
**મો. ૯૪૨૯૦ ૬૭૮૯૦**

સવિતાબહેન રામલાલ પરીખ (કડી) પરિવારના જય શ્રી કૃષ્ણ.

## "વોક ફોર યુનિટી"

**સમસ્ત વાયડા વણિક જ્ઞાતિજનો જોગ**

સમસ્ત વાયડા વણિક જ્ઞાતિજનો એકબીજા સાથે જોડાયેલા રહે અને સમસ્ત જ્ઞાતિપ્રથા વધુ મજબૂત થાય એવા ઉમદા હેતુથી શ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ દ્વારા અમદાવાદમાં સમસ્ત વાયડા વણિક જ્ઞાતિજનોની "વોક ફોર યુનિટી"નું આયોજન કરેલ છે. "વોક ફોર યુનિટી" કાર્યક્રમ અંતર્ગત આપણે સૌ જ્ઞાતિજનો સાથે મળીને મોર્નિંગ વોક કરીશું. જ્ઞાતિના ઉત્કર્ષ વિષયક વિચારોની આપલે કરીશું. સ્વાદિષ્ટ અલ્પાહારની મોજ માણીશું. **આ વખતે સ્વાસ્થ્ય સંદર્ભે નિષ્ણાંત દ્વારા માર્ગદર્શન મેળવવાનું આયોજન કરી નવીન પહેલ કરેલ છે.**

તારીખ અને વાર : ૧૯મી જાન્યુઆરી, ૨૦૨૫ રવિવાર સમય : સવારે ૭-૩૦ થી
એકત્ર થવાનું સ્થળ : સાબરમતી રિવરફ્રન્ટ, કોમલ એન્કલેવ પાસે, બાયોડાઈવર્સિટી પાર્કની નજીક, ચંદ્રનગરથી પાછળના ભાગે રિવરફ્રન્ટ જવાના રસ્તે, અમદાવાદ.
"વોક ફોર યુનિટી" બાદ શ્રી વાયુદેવતાજી મંદિર, નારાયણનગર ખાતે સ્વાદિષ્ટ અલ્પાહારની મોજ માણીશું અને સ્વાસ્થ્ય સંદર્ભે નિષ્ણાંત દ્વારા માર્ગદર્શન મેળવીશું.

જ્ઞાતિજનોની જાણ માટે શ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિના ઉપક્રમે વર્ષ ૨૦૧૫ થી દર વર્ષે આ કાર્યક્રમનું આયોજન થાય છે જેમાં અમદાવાદમાં વસતા સમસ્ત વાયડા વણિક જ્ઞાતિજનો ભાગ લે છે.

સમસ્ત વાયડા વણિક જ્ઞાતિજનોને એકસ્તરે જોડવાના હેતુથી "વોક ફોર યુનિટી" કાર્યક્રમમાં વાયડા વણિક જ્ઞાતિના તમામ ટ્રસ્ટી, કારોબારી સભ્યો સાથે અમદાવાદમાં વસતા દરેક વાયડા વણિક પરિવાર ભાગ લઈ આ ઉમદા પ્રયાસને બળ આપે એવી અપેક્ષા સાથે સમસ્ત વાયડા વણિક જ્ઞાતિજનોને સહર્ષ આમંત્રણ છે. **ચાલો સર્વે જ્ઞાતિજનો, સમસ્ત વાયડા વણિક જ્ઞાતિની એકતા વધુ મજબૂત કરવા, "વોક ફોર યુનિટી"માં જોડાઈએ.**

– મેહુલ સુધીરભાઈ શાહ, પ્રમુખ
શ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ
મારી જ્ઞાતિ મારું ગૌરવ

# શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ

## વાર્ષિક સામાન્ય સભા–૨૦૨૪

શિયાળાની આહ્‌લાદક ઋતુમાં, ૧૯ ડિગ્રી ઉષ્ણતામાન ધરાવતા રવિવારની ખુશનુમા સવારે, ઈસુના નૂતન વર્ષના વધામણા ટાણે, વાયડમાતાજી–વાયુદેવતાજીના સાંનિધ્યમાં શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટની કારોબારી સમિતિની વાર્ષિક સામાન્ય સભા–૨૦૨૪ ટ્રસ્ટના પ્રમુખશ્રી ધીરેનભાઈ કે. પરીખના પ્રમુખપદે શ્રી વાયુદેવતાજી મંદિર(હોલ) અમદાવાદ ખાતે રવિવારે, ૨૯ ડિસેમ્બર–૨૦૨૪ના રોજ સવારે ૧૧–૦૦ વાગે યોજાઈ હતી.

વાયુદેવતાજી હોલમાં પ્રવેશતાં જ કોઈ કોર્પોરેટ કંપનીની એન્યુઅલ જનરલ મિટીંગ (AGM) માં હાજરી આપતા હોઈએ તેવો નયનરમ્ય માહોલ સર્જાયો હતો. હોલને ફૂલોના ડેકોરેશનથી સુશોભિત કરવામાં આવ્યો હતો. લાલ જાજમ બિછાવવામાં આવી હતી અને ઠેર ઠેર વાયડા વણિક સેવા ટ્રસ્ટના આકર્ષક બેનર નજરે પડતા હતા. એજીએમ ની પંચ લાઈન હતી – CONNECT (જોડાઈએ), PARTICIPATE (સહભાગી થઈએ), GROW (સમૃદ્ધ થઈએ), SUPPORT (સહકાર આપીએ). પ્રોફેશનલ અભિગમ સ્પષ્ટ નજરે પડતો હતો.

૨૦૨૪ની કારોબારીની એન્યુઅલ જનરલ મિટીંગમાં ૬૦થી પણ વધુ નિમંત્રિત મહેમાનો અને સભ્યો અમદાવાદ, વડોદરા, પાટણ, મહેસાણા, કડી, ભરૂચ, સુરત, મુંબઈ, ભૂજ–કચ્છ, માંડવી વગેરે શહેરોમાંથી પધાર્યા હતાં. આટલી મોટી સંખ્યામાં એન્યુઅલ જનરલ મિટીંગ પ્રથમ વાર જ યોજાઈ હતી. ઊર્જા, ઉત્સાહ અને સંકલ્પનો ત્રિવેણીસંગમ રચાયો હતો. નિમંત્રિત સભ્યોની હાજરી લીધા બાદ સર્વેને આવકારવામાં આવ્યા હતા અને ચા–નાસ્તો કર્યા બાદ સભાની કાર્યવાહી શરૂ થઈ હતી.

દીપ પ્રાગટ્ય અને માતાજીની સ્તુતિ બાદ સભાનો આરંભ થયો હતો. ઉદ્‌ઘોષક તરીકે ટ્રસ્ટના મા. સેક્રેટરીશ્રી વ્રજેશભાઈ પરીખે સૌને આવકાર આપ્યો

હતો. મંચ ઉપર પ્રમુખશ્રી ધીરેનભાઈ કે. પરીખ, શ્રી શશાંકભાઈ આઈ. શાહ, શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખ, શ્રી શરદભાઈ પી. શાહ, શ્રી વ્રજેશભાઈ એન. પરીખ અને શ્રી મેહુલભાઈ એસ. શાહ ઉપસ્થિત હતા.

ત્યાર બાદ શ્રી ધીરેનભાઈ પરીખ કે જેઓ ટ્રસ્ટના પ્રમુખ છે તેમને સભાના પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા અને તેમની પરવાનગીથી આગળની કાર્યવાહી કરવામાં આવી હતી.

મિટીંગની શરૂઆત મા. સેક્રેટરી વ્રજેશભાઈ પરીખ દ્વારા કરવામાં આવી હતી અને સૌ હાજર સભ્યોને આવકારવામાં આવ્યા હતાં.

ટ્રસ્ટી અને ઉપ-પ્રમુખ સ્વ. સુનિલભાઈ રસિકલાલ શાહના તા. ૨૭-૯-૨૦૨૪ના રોજ થયેલ દુ:ખદ અવસાનની નોંધ લઈને બે મિનિટનું મૌન પાળી સદ્‌ગતના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

ત્યાર બાદ જ્ઞાતિના મુ. શ્રી રમેન્દ્રભાઈ પરીખ, શ્રી શશાંકભાઈ શાહ અને શ્રી શરદભાઈ શાહનું બુકે દ્વારા શ્રી ધીરેનભાઈ પરીખ, શ્રી વ્રજેશભાઈ પરીખ અને શ્રી મેહુલભાઈ શાહ દ્વારા સન્માન કરી તેમને આવકારવામાં આવ્યા હતાં.ટ્રસ્ટના સહમંત્રી-ખજાનચી શ્રી મેહુલભાઈ શાહ અને ટ્રસ્ટના મંત્રી શ્રી વ્રજેશભાઈ પરીખનું પણ બુકે દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટીશ્રી કિરણભાઈ શાહ તથા નવા વરાયેલા ટ્રસ્ટીશ્રી કેવલભાઈ પરીખનું ધીરેનભાઈ પરીખ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

ત્યાર બાદ જુદી જુદી સ્થાનિક જ્ઞાતિઓના પ્રતિનિધીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. વડોદરા જ્ઞાતિ તરફથી શ્રી કિરણભાઈ શાહ, અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ તરફથી શ્રી મેહુલભાઈ શાહ, સમીરી વણિક સમાજ તરફથી શ્રી શરદભાઈ પરીખ, વિશા વાયડા વણિક જ્ઞાતિ તરફથી વિક્રમભાઈ શાહ, પાટણ દશા વાયડા વણિક જ્ઞાતિ તરફથી હરેશભાઈ પરીખ, મુંબઈ કચ્છી સમાજ તરફથી શ્રી અનીશભાઈ શાહ, ભૂજ જ્ઞાતિના શ્રી હરીશભાઈ શાહ, માંડવી જ્ઞાતિના શ્રી પરિમલભાઈ શાહ, ભરુચ જ્ઞાતિના શ્રી મહેન્દ્રભાઈ ચોક્સીનું સન્માન શ્રી ધીરેનભાઈ,

શ્રી શશાંકભાઈ, શ્રી રમેન્દ્રભાઈ અને શ્રી શરદભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. કડી જ્ઞાતિના શ્રી બકુલભાઈ પરીખ તેમજ મુંબઈ કચ્છી વાયડા વણિક સમાજના શ્રી જીતેન્દ્રભાઈ શાહ ગેરહાજર હોવાથી તેમનું સન્માન અન્ય સભ્ય દ્વારા સ્વીકારવામાં આવ્યું હતું.

ત્યારબાદ વડોદરાથી આવેલા જ્ઞાતિજનોએ પ્રમુખશ્રી ધીરેનભાઈ કે. પરીખનું ખેસ ઓઢાડીને સન્માન કર્યું હતું. સેવા ટ્રસ્ટના પ્રમુખ અને આજની સભાના પ્રમુખ શ્રી ધીરેનભાઈ પરીખે ઉપસ્થિત સભ્યો તેમ જ મહેમાનોને આવકાર્યા હતા. તેમણે જુદા જુદા શહેરોમાંથી પધારેલ આમંત્રિત મહેમાનોનું સ્વાગત કર્યું હતું. ગેરહાજર સભ્યોની નોંધ લેવામાં આવી હતી. શ્રી ધીરેનભાઈએ એકાત્મ ભાવના આજની પ્રાથમિક્તા છે તેની પર ભાર મૂક્યો હતો. તેમણે વિવિધ શક્તિઓનો ઉપયોગ જ્ઞાતિમાં કલ્યાણ માટે કરવો જોઈએ એવી રજૂઆત કરી હતી. તેમણે જ્ઞાતિમાં પોતાની કારકીર્દીની રૂપરેખા આપી હતી તેમ જ જ્ઞાતિમાં આકાર લેનારી ભવિષ્યની યોજનાઓનો ઉલ્લેખ કર્યો હતો.

સભાના મુખ્ય ઉદ્દેશ્યરૂપે કારોબારી સભ્યોની નિમણૂક કરવામાં આવી હતી અને કાયદાકીય જોગવાઈઓ મુજબ એક્ઝીક્યુટીવ કમિટી નીમવામાં આવી હતી. તેઓનુ ખેસ પહેરાવી, ECM કાર્ડ તેમ જ બુકે આપી સન્માન કરવામાં આવ્યું હતું અને તેમને જવાબદારી સોંપવામાં આવી હતી. શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ તરફથી ફોટા સહિતનું આઈડેન્ટીટી કાર્ડ તેમ જ વાયવાસેટનો લોગો ધરાવતો આકર્ષક ખેસ આપવામાં આવ્યા હતાં. સેવા ટ્રસ્ટના મા. સહમંત્રી અને ખજાનચી મેહુલભાઈ શાહે જણાવ્યું હતું કે બંધારણને ધ્યાનમાં લઈને શહેર પ્રમાણે પ્રતિનિધિઓની નિમણૂંક કરવામાં આવી છે. આ બધા જ પ્રતિનિધિઓ સ્થાનિક રીતે જ્ઞાતિ સાથે સંકળાયેલા છે.

ત્યાર બાદ પાંચ વર્ષ માટે (૨૦૨૪–૨૯) નીચેના કારોબારી સભ્યો (EXECUTIVE COMMITTEE MEMBERS)ની નિમણૂક કરવામાં આવી હતી જેને હાજર સભ્યોએ સર્વાનુમતે બહાલી આપી હતી.

અમર નૈમિષકુમાર પરીખ (કેનેડા)ના જય શ્રી કૃષ્ણ.

| ક્રમ | નામ | રહેવાસી |
|---|---|---|
| ૧) | શ્રી ધીરેનભાઈ કાંતિલાલ પરીખ (પ્રમુખશ્રી) | અમદાવાદ |
| ૨) | શ્રી શશાંકભાઈ ઈન્દુલાલ શાહ | અમદાવાદ |
| ૩) | શ્રી વ્રજેશભાઈ નવિનચંદ્ર પરીખ | અમદાવાદ |
| ૪) | શ્રી મેહુલભાઈ સુધીરભાઈ શાહ | અમદાવાદ |
| ૫) | શ્રી શરદભાઈ પુરુષોત્તમદાસ શાહ | મહેસાણા |
| ૬) | શ્રી કિરણભાઈ સાકરલાલ શાહ | વડોદરા |
| ૭) | શ્રી જીતેન્દ્રભાઈ ભોગીલાલ શાહ | નાસિક |
| ૮) | શ્રી કેવલભાઈ રમેન્દ્રભાઈ પરીખ | અમદાવાદ |
| ૯) | શ્રી હિમાંશુભાઈ ગુણવંતલાલ શાહ | અમદાવાદ |
| ૧૦) | શ્રી નિશીથભાઈ અરવિંદભાઈ પરીખ | અમદાવાદ |
| ૧૧) | શ્રી શ્રેણિકભાઈ નવિનચંદ્ર પરીખ | અમદાવાદ |
| ૧૨) | શ્રી દીપકભાઈ મહેન્દ્રભાઈ શાહ | અમદાવાદ |
| ૧૩) | શ્રી શરદભાઈ જશવંતલાલ પરીખ | અમદાવાદ |
| ૧૪) | શ્રી અનીશભાઈ કેશવલાલ શાહ | મુંબઈ |
| ૧૫) | શ્રી હરીશભાઈ જયંતિલાલ શાહ | વડોદરા |
| ૧૬) | શ્રી કિરણભાઈ નગીનદાસ શાહ | અમદાવાદ |
| ૧૭) | શ્રી અમિતભાઈ ગોરધનદાસ પરીખ | અમદાવાદ |
| ૧૮) | શ્રી હરેશભાઈ મનમોહનદાસ પરીખ | પાટણ |
| ૧૯) | શ્રી દિગંતભાઈ સુરેન્દ્રભાઈ પરીખ | અમદાવાદ |
| ૨૦) | શ્રી કશ્યપભાઈ નવનીતભાઈ શ્રોફ | વડોદરા |
| ૨૧) | શ્રી નરેશભાઈ ડાહયાલાલ શાહ | સુરત |
| ૨૨) | શ્રી અસિતભાઈ યશોવર્મા તોલાટ | ભરૂચ |
| ૨૩) | શ્રી કિંજનભાઈ કિરીટભાઈ શાહ | અમદાવાદ |

રમેશભાઈ ભોગીલાલ પરીખ (મુંબઈ)પરિવારના જય શ્રી કૃષ્ણ.

| | | |
|---|---|---|
| ૨૪) | શ્રી રશ્મિકાંતભાઈ નવનીતલાલ શાહ | અમદાવાદ |
| ૨૫) | શ્રી હરીશભાઈ વેલજીભાઈ શાહ | ભૂજ |
| ૨૬) | શ્રી વિક્રમભાઈ બંસીલાલ શાહ | અમદાવાદ |
| ૨૭) | શ્રી સમીરભાઈ ભોગીલાલ શાહ | મુંબઈ |
| ૨૮) | શ્રી નિર્મલભાઈ જયંતિલાલ શાહ | પૂના |
| ૨૯) | શ્રી રૂપેશભાઈ હરીશભાઈ શાહ | અમદાવાદ |
| ૩૦) | શ્રી વિરલભાઈ રસિકલાલ શાહ | ભૂજ |
| ૩૧) | શ્રી પરિમલભાઈ હરગોવિંદભાઈ શાહ | માંડવી |
| ૩૨) | શ્રી કેતનભાઈ રમેશચંદ્ર શાહ | અમદાવાદ |

ત્યાર બાદ કારોબારી સમિતિ દ્વારા શ્રી રમેન્દ્રભાઈ પરીખનું તેમની નાદુરસ્ત તબિયતની કારણે આપેલ રાજીનામું સ્વીકારવામાં આવ્યુ હતું. તેમ જ શ્રી સુનિલભાઈ રસિકલાલ શાહનું અવસાન થવાથી તેમને તેમની ટ્રસ્ટી તરીકેની અવધિ આપોઆપ સમાપ્ત થાય છે જેની નોંધ કારોબારી સમિતી એ લીધી હતી.

ત્યાર બાદ કારોબારી સમિતીએ નીચે પ્રમાણે ટ્રસ્ટીઓની નિમણૂક કરી હતી.

| | | |
|---|---|---|
| ૧) | શ્રી ધીરેનભાઈ કાંતિલાલ પરીખ (પ્રમુખશ્રી) | અમદાવાદ |
| ૨) | શ્રી શશાંકભાઈ ઈન્દુલાલ શાહ | અમદાવાદ |
| ૩) | શ્રી વ્રજેશભાઈ નવિનચંદ્ર પરીખ | અમદાવાદ |
| ૪) | શ્રી મેહુલભાઈ સુધીરભાઈ શાહ | અમદાવાદ |
| ૫) | શ્રી શરદભાઈ પુરુષોત્તમદાસ શાહ | મહેસાણા |
| ૬) | શ્રી કિરણભાઈ સાકરલાલ શાહ | વડોદરા |
| ૭) | શ્રી જીતેન્દ્રભાઈ ભોગીલાલ શાહ | નાસિક |
| ૮) | શ્રી કેવલભાઈ રમેન્દ્રભાઈ પરીખ | અમદાવાદ |
| ૯) | શ્રી હિમાંશુભાઈ ગુણવંતલાલ શાહ | અમદાવાદ |

સ્વ. કુ. હેમલતાબહેન ઝવેરીલાલ શાહના જય શ્રી કૃષ્ણ.

સ્વ. શાહ ઝવેરીલાલ વીરજીના જય શ્રી કૃષ્ણ.

મા. સહમંત્રી અને ખજાનચી શ્રી મેહુલભાઈ શાહે ટ્રસ્ટનાં નાણાકીય વ્યવહારોની માહિતી આપી હતી તેમજ વાયડામિત્રના પ્રકાશનની આવક–જાવક તેમજ શિક્ષણ અને મેડીકલ વિભાગ અંગેની પણ માહિતી આપી હતી.

ત્યારબાદ ઓડીટર તરીકે મેહુલ વી. પટવારી એન્ડ કાં. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની નાણાકીય વર્ષ ૨૦૨૪–૨૦૨૫ માટેની નિમણૂકને બહાલી આપવામાં આવી હતી.

સમસ્ત એ.જી.એમ.નું સંચાલન શ્રી વ્રજેશભાઈ એન. પરીખ અને શ્રી મેહુલભાઈ એસ. શાહ દ્વારા કરવામાં આવ્યુ હતું. જ્ઞાતિના જુદા જુદા શહેરોમાંથી પધારેલા આમંત્રિત મહેમાનોનું પુષ્પગુચ્છ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. વાયડામિત્રના મુદ્રક જૈમીનભાઈ મહેતા પણ આમંત્રિત તરીકે હાજર રહ્યા હતા. સભામાં પધારેલ સભ્યોમાંથી કેટલાક સભ્યોએ પોતાના પ્રતિભાવ રજૂ કર્યા હતા.

કાર્યક્રમના અંતે શ્રી મેહુલભાઈએ દરેક કારોબારી સભ્યને જ્ઞાતિના પાયાના સિધ્ધાંતો અનુસરવા માટે જાણકારી આપી હતી અને સભામાં પધારેલા સર્વ સભ્યો અને આમંત્રિત મહેમાનોનો આભાર માનવામાં આવ્યો હતો.

શ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ તરફથી હોલ તેમજ સભાનું સંપૂર્ણ આયોજન કરવામાં આવ્યું હતું. પ્રમુખશ્રી ધીરેનભાઈ પરીખના પૂત્રવધુ સેજલ પરીખનું ઈવેન્ટ મેનેજમેન્ટ મનભાવન હતું. પ્રમુખશ્રી ધીરેનભાઈ પરીખના પરિવાર તરફથી નાસ્તા–ભોજનની વ્યવસ્થા ઉપરાંત ગીફ્ટ બોક્સ આપવામાં આવ્યા હતાં. શ્રી વ્રજેશભાઈ એન. પરીખ પરિવાર તરફથી ફોટો તેમજ વિડિયોગ્રાફીની વ્યવસ્થા કરવામાં આવી હતી અને દરેક હાજર સભ્યને ઈનસ્ટન્ટ ફોટો આપવામાં આવ્યો હતો.

ત્યાર બાદ સભા પૂર્ણ થયેલી જાહેર કરવામાં આવી હતી અને સ્વાદિષ્ટ ભોજનનો આનંદ લઈ જ્ઞાતિને એક નવી દિશામાં ઊર્જા સહિત નવી ઊંચાઈએ પહોંચાડવાના સંકલ્પ સાથે સૌ જ્ઞાતિજનો વિખરાયા હતા.

**– વ્રજેશભાઈ એન. પરીખ**

**માનદ્ મંત્રી, શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ**

તારાબહેન તલકશીભાઈ શાહ પરિવાર (વડોદરા)ના જય શ્રી કૃષ્ણ.

**ધીરેનભાઈ કાંતિલાલ પરીખ પરિવારના સર્વે જ્ઞાતિજનોને જય શ્રી કૃષ્ણ**





















**ભોગીલાલ ચાંપશી શાહ પરિવારના જય શ્રી કૃષ્ણ**

સ્વ. સુભાષભાઈ આર. શાહ (વડોદરા)ના જય શ્રી કૃષ્ણ.




























શાંતિલાલ મકનજી શાહ પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

સ્વ. પુષ્પાવતીબેન તથા સ્વ. રસિકલાલના જય શ્રી કૃષ્ણ. હ. નરેશ



























નિરંજનાબહેન ઉદેશચંદ્ર શાહ પરિવાર, મુંબઈના જય શ્રી કૃષ્ણ.

ભારતીબેન ભરતકુમાર શાહ (મીરા રોડ) પરિવારના જય શ્રી કૃષ્ણ.


























સ્વ. કિરીટકુમાર કનૈયાલાલ પરીખ પરિવાર (પાટણ-મુંબઇ)ના જય શ્રી કૃષ્ણ

# યાત્રાનો આનંદ

આપણે સહુ એ તાજેતરમાં શ્રી દેવ ભૂમિ દ્વારકાની યાત્રાનો આનંદ માણ્યો. ૧૯ નવેમ્બર, ૨૦૨૪ એ રાત્રે ૧૦ વાગ્યે દ્વારકાધીશના જયઘોષ સાથે બંને બસ રવાના થઈ. ખુબ ઠંડી ના વાતાવરણ વચ્ચે બે બસના લગભગ ૬૦ પેસેન્જર થઈને યાત્રા કરી. મોડી રાત સુધી યાત્રિકોએ હાઉસી, અંતાક્ષરી તથા સત્સંગનો આનંદ માણ્યો. સવારે લગભગ ૯ વાગ્યે દ્વારકા પહોંચ્યા અને ત્યાં અગાઉથી જ કરેલ આયોજન પ્રમાણે સહુ એ ગરમાગરમ થેપલા અને બટાટા પૌંઆનો ચા સાથે આસ્વાદ માણ્યો.

નવી બનેલી શ્રી હરિ હોટલમાં પહોંચી બધા યાત્રિકો તૈયાર થઈ દ્વારકાધીશ મંદિરે પહોંચ્યા.

મહાપ્રભુજીની બેઠકના દર્શન કરતાં બધા યાત્રિકો ભાવ વિભોર હતાં. અને આવી ધાર્મિક યાત્રાઓ કરતાં રહીએ ના ભાવ સાથે પ્રભુ દર્શનથી બધા નતમસ્તક થયા. આ યાત્રામાં જોડાનાર તમામ અબાલ-વૃધ્ધ સૌ જ્ઞાતિજનોનો ખૂબ ખૂબ આભાર. તેમના સહકારની ભાવનાને લીધે આ યાત્રા નિર્વિઘ્ને સંપન્ન થઈ.

આ યાત્રામાં કેટલાક મહાનુભાવો સદેહે હાજર રહી શક્યા ન હતા પરંતુ તેમણે આ યાત્રાને દિલથી શુભેચ્છા પાઠવી. આર્થિક મદદ પણ કરેલ તેની નોંધ લેવી જરુરી છે.

૧) ત્રિકમદાસ ઈનદરજી શાહ પરિવાર અને વેલજી ઈનદરજી શાહ પરિવાર રૂ. ૧૧૦૦૦/- હસ્તે... વ્રજલાલ પ્રેમજી શાહ

૨) નર્મદાબેન ગોપાલજી શાહ પરિવાર હસ્તે શિરીષભાઈ ગોપાલદાસ શાહ રૂ. ૫૦૦૦/-

૩) સુશીલાબેન શાંતિલાલ ખીમજી શાહ પરિવાર રાજકોટ હસ્તે.... રમેશ શાંતિલાલ શાહ રૂ. ૫૦૦૦/-

૪) જયાલક્ષ્મીબેન જેઠાલાલ કલ્યાણજી શાહ પરિવાર ભુજ હસ્તે..... મહેશ જેઠાલાલ શાહ રૂા. ૫૦૦૦/-

૫) બિપીન જેઠાલાલ ખેંગાર શાહ પરિવાર પુના હસ્તે વિશાલ બીપીન શાહ હસ્તે શિરીષભાઈ ગોપાલદાસ શાહ ભુજ રૂ. ૫૦૦૦/-

ઉપરાંત અન્ય હાજર જ્ઞાતિજનોનો નીચે મુજબનો સહકાર પ્રાપ્ત થયો છે.

૧) સ્વ. અતુલ લક્ષ્મીદાસ શાહની પુણ્ય સ્મૃતિમાં જમનાદાસ ભીમજી શાહ પરિવાર વતી અશ્વિન લક્ષ્મીદાસ શાહ ભુજ રૂ. ૨૫૦૦૦/-

૨) સ્વ. રજનીકાંત વેલજી શાહની પુણ્ય સ્મૃતિમાં હસ્તે વેલજી કરસનદાસ શાહ પરિવાર વતી હરિશ વી. શાહ ભુજ. રૂા ૧૦૦૦૦/-

ઉપરોક્ત તમામ પરિવારોનો અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ અને તેમની આ ઉમદા ભાવનાની કદર કરીએ છીએ.

આ ઉપરાંત આ યાત્રાનું આયોજન સફળતાપૂર્વક કરનાર ભાઈશ્રી વિરલ અને ભાઈશ્રી હિતેશ કે જેઓ આ યાત્રાનું આયોજન સારી રીતે કરી શકાય એ માટે અગાઉથી પોતાની ગાડી દ્વારા દ્વારકા જઈને હોટેલ, જમવા તથા ચા-નાસ્તાની વ્યવસ્થા ગોઠવવા રૂબરૂ ગયા હતા. સમગ્ર યાત્રા દરમિયાન સારી રીતે સંચાલન કરવા તથા યાત્રિકોને સગવડ પૂરી પાડવા બદલ તેઓનો ખૂબ ખૂબ આભાર. યાત્રિકોનું બસમાં સ્વાગત અનોખી રીતે વેલકમ ગિફ્ટ દ્વારા કરવામાં આવ્યું હતુ.

ફરીથી સૌ યાત્રિકોનો / ડોનેશન આપનાર પરિવારોનો / તેમજ વ્યવસ્થાપકોનો ખૂબ આભાર. મારી અંતરની ઇચ્છા છે કે આવા યાત્રા પ્રવાસોનું આયોજન સમયાંતરે થતું રહે....

- હરીશ શાહ, પ્રમુખ
ભૂજ વાયડા જ્ઞાતિ

**શ્રી વાયુદેવતાજી મંદિર, અમદાવાદ**

સ્વ. દીપકભાઈ ઝવેરી તરફથી રૂ.૧૫૦૦૦/- (અંકે પંદર હજાર પૂરા) નો સહયોગ પ્રાપ્ત થયેલ છે.

- નાનુભાઈ શાહ



## વાયુદેવતા મંદીર પાટણ

વાયુદેવતા મંદીર, પાટણમાં શ્રી વાયુભગવાન, માતા દીતી, અદિતી તથા શ્રી હનુમાન દાદાની મૂર્તિ ઘણા વરસોથી બિરાજમાન છે. સમય જતાં બધી મૂર્તિઓ ક્રમશઃ ઝાંખી પડતી ગઈ એટલે તમામ મૂર્તિઓને નવો ઓપ આપવો જરૂરી હતો. પરંતુ સંજોગોવસાત, ખર્ચની રકમ, યોગ્ય કારીગર વગેરેને ધ્યાનમાં લેતા કામ શરૂ થઈ શકતું ન હતું. પરંતુ હાલમાં વાયુમંદીર પાટણ આર્થિક રીતે સક્ષમ હોવાથી અને યોગ્ય કારીગર મળવાથી કામની શરૂઆત છેલ્લા કેટલાક દિવસથી શરૂ કરવામાં આવી હતી. જે તાજેતરમાં પૂર્ણ થયેલ છે. જે માટે પાટણ વીશા વાયડા જ્ઞાતિના પ્રમુખશ્રી વિજયભાઈ ગાંધી ખૂબ જ અભિનંદનના અધિકારી છે. તેમણે આ કામમાં લીધેલ રસ તથા મહેનતને કારણે જ આ કામ પરિપૂર્ણ થયેલ છે. ઉપરાંત પંચાલ જ્ઞાતિના શ્રી દિલીપભાઈ પંચાલનો પણ આ કામ માટે ખૂબ જ સારો સહકાર સાંપડ્યો. તેમની મદદ વગર આ કામ લગભગ અશક્ય હતું. ઉપરાંત શ્રી મંદિરને દિલીપભાઈનો આર્થિક સહકાર–રૂ. ૫૦૦૦/– નો ફાળો પણ મળ્યો છે. જે બદલ પાટણ વીશા વાયડા જ્ઞાતિ તેમની ખૂબ આભારી છે.

સમગ્ર પાટણ વીશા વાયડા જ્ઞાતિ આનંદ અને ગૌરવના લાગણી અનુભવે છે.

– ભરત એચ. ગાંધી

ઉપપ્રમુખ, પાટણ વીશા વાયડા સમિતિ

પાટણ વડોદરા

જેઠાલાલ કલ્યાણજી પરિવાર, ભૂજ ના જય શ્રી કૃષ્ણ.

# શબ્દવ્યૂહ - ૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | | ૪ | | ૫ | ૬ |
| ૭ | | | | ૮ | | ૯ | | |
| | | ૧૦ | ૧૧ | | | ૧૨ | | |
| | ૧૩ | | ૧૪ | | ૧૫ | | | ૧૬ |
| ૧૭ | | | | | ૧૮ | ૧૯ | | |
| ૨૦ | | | ૨૧ | ૨૨ | | | | |
| | | ૨૩ | | | | ૨૪ | ૨૫ | |
| | ૨૬ | | | | ૨૭ | | ૨૮ | |
| ૨૯ | | | | | ૩૦ | | | |

**આડી ચાવી :** (૧) સાંસ્કૃતિક વારસો–૪ (૫) સ્થિતિ; હાલત–૨ (૭) બાધા, આખડી –૩ (૮) જેની આરપાર દેખાય એવું–૫ (૧૦) ગાડું–૩ (૧૨) જંગલ; અરણ્ય–૨ (૧૪) સિંહની ગર્જના–૩ (૧૭) પુષ્કળ; ખીચોખીચ–૪ (૧૮) પરવા; કાળજી; તમા–૪ (૨૦) ચૂક; ખામી–૨ (૨૧) હુલ્લડ; બળવો; વિદ્રોહ–૨ (૨૩) થોડું–૩ (૨૪) એકદમ મારેલી ઝૂંટ–૩ (૨૬) દીવાઓનો ઉત્સવ–૩ (૨૮) હાથચાલાકીનું કામ–૨ (૨૯) પરવાનગી; પરવાનો –૩ (૩૦) તજાયેલી; પતિએ તજેલી સ્ત્રી–૨

**ઊભી ચાવી :** (૧) ધાંધલ, ધમાચકડી–૩ (૨) રાતની ચોકી માટે ફરવું તે–૨ (૩) નિરાશ; નાસીપાસ–૩ (૪) બાણ; શર–૨ (૫) ભક્તિ ભાવથી જોવાની ક્રિયા–૩ (૬) ખાઈ શકાય તેવા કંદ–૨ (૮) ઉત્તર ગુજરાતનું એક નગર–૩ (૯) દાવાનળ–૨ (૧૧) સાવ ખાલી; નિર્ધન–૬ (૧૩) અસ્થિર–૩ (૧૫) શરીરની ઊંચાઈ કે જાડાઈ–૨ (૧૬) અતિ ઉત્સાહી–૬ (૧૭) ભસ્મ; રાખ–૩ (૧૯) રૂપુ–૩ (૨૨) ભય; બીક–૨ (૨૩) પંચ–૩ (૨૫) રાજ્યનો વહીવટ કરનાર–૨ (૨૬) દિવસ–૨ (૨૭) કાર્ય; કામ; આચરણ–૨

સ્વ. જયાબહેન જેઠાલાલ ખેંગાર શાહ, મુલુન્ડ, મુંબઈ પરિવારના જય શ્રી કૃષ્ણ.

# યમુનાવાડી

પાટણમાં આવેલી આપણી જ્ઞાતિની સ્વ. ઇંદિરાબેન શાંતિલાલ પરીખ યમુનાવાડી સમસ્ત પાટણ માટે આશીર્વાદરૂપ થઈ પડી છે. દસ વર્ષથી વાડીનો વપરાશ ઉત્તરોત્તર વધતો જાય છે અને ૨૦૨૪માં જાન્યુઆરીથી ડિસેમ્બર સુધીના ૧૨ માસમાં ૬૪ વખત વાડી ભાડે આપવામાં આવી હતી. જેમાં લગ્નપ્રસંગો, અન્ય સામાજિક પ્રસંગો, બેસણા અંગેના કાર્યક્રમો માટે વાડીનો વપરાશ થયો હતો. મધ્યમવર્ગની વ્યક્તિઓ માટે વાડી ખરેખર આશીર્વાદરૂપ બની છે. આપણે ખૂબ જ વ્યાજબી દરે યમુનાવાડી વપરાશ માટે આપીએ છીએ.

વળી ‘યમુનાવાડી’માં જ્ઞાતિના પ્રસંગો વારંવાર ઉજવાય છે. નિયમિત રીતે દર મહિને ઉજાણી, ભોજન સમારંભ યોજાય છે. પરદેશથી કે બહારગામથી પાટણ આવનાર જ્ઞાતિજન બધાને મળવાને નિમીત્તે ભોજન સમારંભ ગોઠવે છે. જ્ઞાતિજન માટે યમુનાવાડી ખૂબ ઉપયોગી નિવડી છે.

એ આનંદની વાત છે કે ‘યમુનાવાડી’નો વિકાસ થતો રહ્યો છે. તેનું મેઈન્ટેનન્સ સારી રીતે થાય છે. તેટલું જ નહીં તેના વિકાસ માટે પણ સારો સહકાર મળે છે. આપણે આપણા સ્વર્ગસ્થ વડીલોના તૈલચિત્રો મુકવા યોજના કરી છે તેને સારો સહકાર મળે છે. ઉપરાંત જીવંત વ્યક્તિઓના તૈલચિત્રો મુકવાનું પણ શરૂ કર્યું છે. તે બધાં જ્ઞાતિને મદદ કરવાના હેતુથી તૈલચિત્રો મુકાવે છે. ગઈ સાલ ૧૮ તૈલચિત્રો મુકાયા હતા. જે અંગે નાનકડો સમારંભ આપણે ગોઠવ્યો હતો. આ વર્ષે ૧૪ તૈલચિત્રો માટે વચન પ્રાપ્ત થયા છે તે તૈયાર કરાવી ફેબ્રુઆરી ૨૦૨૫માં તેના અનાવરણનો કાર્યક્રમ યોજાશે. સૌ જ્ઞાતિજનોને વિનંતી છે કે તમારા સ્વર્ગસ્થ વડીલનાં અથવા તમારા તૈલચિત્રો જરૂરથી મુકાવો. એક તૈલચિત્ર મુકવા રૂ. ૫૧૦૦૦/–નું દાન આપવાનું રહે છે. દેશ પરદેશમાં રહેતા સૌ જ્ઞાતિજનોને વિનંતી છે કે આપણાં વતનમાં ચાલતી આવી શ્રેષ્ઠ સામાજિક પ્રવૃત્તિમાં જ્ઞાતિને સહકાર આપે.

આપને જણાવતાં આનંદ થાય છે કે ઉપરનાં માળે વિશાળ હોલ – જેમાં

૨૦૦ વ્યક્તિ બેસી શકે તેવો સગવડવાળો બનાવવા મંજૂરી મળી ગઈ છે. જાન્યુઆરી ૨૦૨૫માં તેનું બાંધકામ થશે તે સાથે બે હોલ અને ટોઈલેટ બ્લોક બનશે. આપણું વિશાળ હોલ માટે ૨૫ લાખનું અને અન્ય બે હોલ માટેનું દાન પ્રાપ્ત થયું છે. વિશાળ હોલમાં સ્ટેજ, ખુરશીઓ અન્ય સાધનો વસાવી શહેરને એક અનોખી ભેટ મળશે. આ માટેનો અંદાજીત ખર્ચ રૂ. ૬૦ લાખ છે. તેથી જ્ઞાતિજનોને અને તમામ લ્હેણદારોને વિનંતી છે કે નાની મોટી રકમ જરૂરથી આપો. તૈલચિત્રો મુકાવવા સંમતિ આપી મદદ કરો. હોલ સજાવટ માટે પાંચ લાખ, બે લાખ, એક લાખ એવી રકમ આપી મદદ કરો. હોલની બહાર તમામ મદદકર્તાઓના નામ સાથે સૌજન્ય દર્શાવવામાં આવશે.

આ નવિન બાંધકામ થતા 'યમુનાવાડી' વધુ ઉપયોગી અને સુશોભિત થશે. એટલું જ નહીં પરંતુ તેનો વપરાશ ઘણો વ્યાપક થશે. તે આધારે આવકનો સ્ત્રોત વધશે અને ભવિષ્યમાં જ્ઞાતિજનો માટે તેનો સદુપયોગ પણ થઈ શકશે.

આવો આપણે સૌ સુંદર કાર્યના સહભાગી થઈએ.

**ડૉ. રોહિતભાઈ શાહ**
પ્રમુખ, પાટણ દશા વાયડા વણિક જ્ઞાતિ

**હરેશ એમ. પરીખ**
પ્રમુખ, ઉત્કર્ષ મંડળ, પાટણ

**શરદભાઈ પી. શાહ**
ચેરમેન, યમુનાવાડી

## શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ

શ્રી નીરવ રજનીકાંત કિનખાબવાલા તરફથી તેમના પિતાશ્રી સ્વ. રજનીકાંત રમણલાલ કિનખાબવાલાના સ્મરણાર્થે રૂ. ૫૧,૦૦૦/- અને તેમના માતૃશ્રી સ્વ. અવંતિકાબહેન રજનીકાંત કિનખાબવાલાના સ્મરણાર્થે રૂ. ૫૧,૦૦૦/- શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટને શૈક્ષણિક ફંડ માટે ભેટ મળેલ છે. આભાર.

**- મેહુલભાઈ સુધીરભાઈ શાહ,**
**સહમંત્રી**

ગં સ્વ. સરસ્વતીબહેન ઝવેરીલાલ શાહના જય શ્રી કૃષ્ણ.

## શ્રી સમીરી વણિક સમાજ અમદાવાદ

સુજ્ઞ સભ્યો,

આપણા સમાજની વાર્ષિક સાધારણ સભા તા. ૨૨–૧૨–૨૦૨૪ને રવિવારના રોજ ફોનીક્સ કોમ્પ્લેક્સ, વિજય ચાર રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ ખાતે સવારે ૧૧–૦૦ વાગ્યે મળેલ હતી.

આ વાર્ષિક સાધારણ સભામાં સને ૨૦૨૩–૨૦૨૪ના વર્ષના વાર્ષિક હિસાબો સર્વાનુમતે મંજૂર કરવામાં આવેલ છે. (આ સાથે જ શ્રી સમીરી વણિક સમાજ ઉત્કર્ષ મંડળના સને ૨૦૨૩–૨૦૨૪ના વર્ષના વાર્ષિક હિસાબો પણ ઓડિટર્સે આપેલ રીપોર્ટ પ્રમાણે રજૂ કરવામાં આવેલ હતા.) આ સાથે જ સમાજની વાર્ષિક સાધારણ સભામાં આવેલ સભ્યો દ્વારા સર્વસંમતિથી નીચેના બે મહત્વના ઠરાવો પાસ કરવામાં આવેલ છે.

(૧) તા. ૧–૪–૨૦૨૫ થી શ્રી સમીરી સમાજના નવા આજીવન સભ્ય બનવા માટેની સભ્ય ફી હાલની રૂ. ૨૦૦૦/– થી વધારીને રૂ. ૩૦૦૦/– કરવાનું ઠરાવેલ છે.

(૨) હાલના આજીવન સભ્યના પરિણિત પુત્ર/પુત્રો તેમની પત્ની તથા બાળકો હવે પછીના સમાજના કાર્યક્રમોમાં ગેસ્ટ સભ્યો તરીકે આવી શકશે અન્યથા તેઓએ ઉપરના ઠરાવને આધીન નવા સભ્ય બનવાનું રહેશે. જૂની આજીવન સભ્ય ફી રૂ. ૨૦૦૦/– તા. ૩૧–૩–૨૦૨૫ સુધી માન્ય રહેશે.

દરેક સભ્યોને જણાવવાનું કે સમાજ દ્વારા વર્ષમાં એકવાર ધાર્મિક/ફરવા જવા માટે પ્રવાસનું આયોજન કરવાનું નક્કી કરેલ છે. તે અંતર્ગત સને ૨૦૨૫ના વર્ષ દરમિયાન અમો કારોબારી સભ્યોએ એપ્રિલ માસના બીજા અઠવાડિયા દરમ્યાન રેલ્વે ટિકિટોના બુકીંગ તથા હોટલમાં રૂમ મળવાની અનુકુળતાઓને આધારે ચંપારણની ધાર્મિક યાત્રાએ લઈ જવાનું નક્કી કરેલ છે.

આ પ્રવાસ દરમ્યાન જ્ઞાતિજનોને બે વિકલ્પ આપવાનું નક્કી કરેલ છે. જેમાં પહેલા વિકલ્પ તરીકે માં યાત્રિકોને અમદાવાદ–ચંપારણ–અમદાવાદ ની યાત્રા રહેશે. તથા બીજા વિકલ્પ તરીકે યાત્રિકોને અમદાવાદ–ચંપારણ–જગન્નાથ પુરી–ભુવનેશ્વર–અમદાવાદ ની યાત્રા રહેશે. આ બે વિકલ્પમાંથી કોઈ પણ એક વિકલ્પ સભ્ય પોતાની અનુકૂળતા પ્રમાણે નક્કી કરી શકશે. આ પ્રવાસના અંદાજિત ખર્ચ વિશે

સ્વ. કુસુમબહેન મનમોહનદાસ પરીખ(પાટણ)ના સર્વેને જય શ્રી કૃષ્ણ હ. સુજલ પરિમલભાઈ પરીખ

જાણકારી આપણા સમાજના whatsapp ગ્રુપ દ્વારા જણાવવામાં આવશે.

પ્રવાસમાં જોડાવા માંગતા સભ્યોએ તેમના રચનાત્મક સૂચનો તથા નામ નોંધાવવા માટે નીચેના whatsapp નંબર ઉપર જણાવવું.

Mobile No. 94284 13065

Name : કંદર્પ વિનોદચંદ્ર પરીખ

**શ્રી શરદભાઈ જે. પરીખ**
**પ્રમુખ**

**શ્રી દિગંતભાઈ એસ. પરીખ**
**સેક્રેટરી**

## લગ્ન વિષયક

અમદાવાદ નિવાસી અને અમદાવાદ IT Company માં Job કરતા યુવક માટે યોગ્ય યુવતીના વાલી તરફથી જન્માક્ષર, બાયોડેટા અને ફોટોગ્રાફ સાથે સંપર્ક આવકાર્ય છે.

**યુવક લાયકાત :** EC Eng. (LDRP Gandhinagar) and MBA from Symbiosis, Pune

**જન્મતારીખ : ૨૧-૧૨-૧૯૯૬ ઊંચાઈ :** 5.7' **વજન :** 67 kgs

Contact No. : 9426382840

## શ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ
## સમસ્ત વાયડા વણિક જ્ઞાતિજનો જોગ
## ઉછામણી

મહા વદ - પાંચમ તા. ૧૭-૦૨-૨૦૨૫, સોમવારના રોજ શ્રી વાયુદેવતાજી મંદિર, અમદાવાદ ખાતે યોજાનાર હવન તથા ધજાજીના યજમાનનો લાભ લેવા માટે સમસ્ત વાયડા વણિક જ્ઞાતિજનોને આમંત્રણ છે. યજમાન માટેની ઉછામણી તા. ૨-૨-૨૦૨૫ ને રવિવારે સવારે ૧૧.૩૦ વાગ્યે શ્રી વાયુદેવતાજી મંદિર, નારાયણનગર, અમદાવાદ ખાતે રાખેલ છે. સમસ્ત વાયડા વણિક જ્ઞાતિજનોને લાભ લેવા વિનંતી.

**- મેહુલ સુધીરભાઈ શાહ, પ્રમુખ**
**શ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ**

# શ્રી અમદાવાદ સમસ્ત વાયડા વણિક જ્ઞાતિ

## ભાદરવા સુદ-૬ ને મહા વદ-૫ ચેરીટેબલ ટ્રસ્ટ

### સમસ્ત વાયડા વણિક જ્ઞાતિજનો જોગ

ઉપર્યુક્ત ટ્રસ્ટ તથા સ્વ. શ્રી ઈન્દુમતીબહેન રમણલાલ શાહ અને સ્વ. શ્રી ચીનુભાઈ આર. શાહ તરફથી મળેલ કાયમી ફંડમાંથી તથા સ્વ. શ્રી જેઠાલાલ અચરતલાલ પરીખ તથા સ્વ. શ્રી વિદ્યાગૌરી જેઠાલાલ પરીખના સ્મરણાર્થે હસ્તે શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખ તરફથી મળેલ કાયમી ફંડમાંથી તથા શ્રી વિનુભાઈ બાલુભાઈ પરીખ અને જયદેવીબહેન વિનુભાઈ પરીખ તરફથી મળેલ કાયમી ફંડમાંથી તથા સ્વ. જયંતીભાઈ બાલુભાઈ પરીખ અને સ્વ. મેનાબહેન જયંતીભાઈ પરીખના સ્મરણાર્થે તેમના પુત્ર શ્રી વિપુલભાઈ તરફથી મળેલ કાયમી ફંડમાંથી તથા સ્વ. મંગુબેન પ્રાણલાલ પરીખ, સ્વ. લલીતાબેન મોહનલાલ પરીખ તથા સ્વ. મોહનલાલ અચરતલાલ પરીખના સ્મરણાર્થે, સ્વ. ગોમતીબેન અમરતલાલની દીકરી તથા સ્વ. અમરતલાલ રણછોડદાસ શાહના સ્મરણાર્થે, તેમના તરફથી મળેલ કાયમી ફંડમાંથી ...

**મહાપ્રસાદ (અમદાવાદ)**

સંવત ૨૦૮૧ના મહા વદ ૫ ને સોમવાર, તા. ૧૭-૨-૨૦૨૫

શ્રીફળ હોમવાનો સમય : સાંજના ૬-૦૦ કલાકે

મહાપ્રસાદનો સમય : સાંજના ૭-૦૦ કલાકે

સ્થળ : શ્રી વાયુદેવતાજીનું મંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭, ટે. નં. ૨૬૬૩૦૫૭૧

હવનની પૂર્ણાહુતિ બાદ ઉપસ્થિત સૌ જ્ઞાતિજનો માટે મહાપ્રસાદ (ભોજન-સમારંભ)ની વ્યવસ્થા શ્રી અમદાવાદ સમસ્ત વાયડા વણિક જ્ઞાતિ ભાદરવા સુદ-૬ ને મહા વદ-૫ ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી કરવામાં આવી છે. સમસ્ત વાયડા વણિક જ્ઞાતિજનોને મહાપ્રસાદ લેવા પધારવા હાર્દિક નિમંત્રણ છે.

**- રમેન્દ્રભાઈ જે. પરીખ, પ્રમુખ**

ખાસ નોંધ : પરજ્ઞાતિમાં પરણેલી જ્ઞાતિની બહેનો/દીકરીઓ પોતાના કુટુંબ સાથે આવી શકશે.

શેઠશ્રી જમનાદાસ ભીમજી પરિવાર (ભુજ)ના જય શ્રી કૃષ્ણ.

## શબ્દવ્યૂહ - ૪ ના જવાબો

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| શ | મ | શે | ર | | ગ | તા | ગ | મ |
| ર | તિ | | સ | મ | ભા | ગ | | ઝ |
| ણ | | હે | મ | | રો | | સુ | ધા |
| | જી | વા | | આ | | સા | ગ | ર |
| ભ | વ | ન | | ગ | | દ | મ | |
| વ | ન | | સં | મ | ત | | | વ |
| સા | | પ | ત | ન | | કા | ન | ન |
| ગ | ર | લ | | | સ | ર | ભ | રા |
| ર | જા | ક | જા | | ગ | ણ | | જી |

**પરિણામ :**

**બધા ખરા :** (૧) ગીતાબેન પી. શાહ, અમદાવાદ (૨) કીર્તીબેન કે. શાહ, વડોદરા (૩) અશોકભાઈ આર. પરીખ, પાટણ (૪) પ્રતિમા કે. શાહ, વડોદરા (૫) જયશીલ મારફતિયા, મુંબઈ (૬) નીલા જે. મહેતા, મુંબઈ (૭) ઈલાબેન પી. શાહ, પાટણ (૮) માધવી એન. પરીખ, અમદાવાદ (૯) સ્મૃતિ આર. શાહ, અમદાવાદ (૧૦) દીપકભાઈ દલાલ, મુંબઈ (૧૧) પ્રકાશચંદ્ર એન. શાહ, અમદાવાદ

**૧ ભૂલ :** (૧) અરૂણા એન. મહેતા, અમદાવાદ (૨) હરેશ એમ. પરીખ, પાટણ (૩) માયાબેન યુ. પરીખ, અમદાવાદ (૪) સુધાબેન આર. શાહ, અમદાવાદ

**૨ ભૂલ :** (૧) પ્રેરણાબેન કે. પરીખ, મુંબઈ

**૩ ભૂલ :** (૧) વિણા ચોકસી, ભરૂચ (૨) નવીનચંદ્ર ડી. ગાંધી, ભરૂચ

# જ્ઞાતિ સમાચાર

**સમાચાર–સંપાદક : દીપક મહેન્દ્રભાઈ શાહ, દીપક મહેન્દ્રભાઈ શાહ, ૪૦, આરોહી રેસીડેન્સી, બિલોરી સોલિટેર પાસે, સાઉથ બોપલ, અમદાવાદ – ૩૮૦ ૦૫૮**

(M) 98791 10027, E-Mail : dmshah2163@gmail.com

૧.) વાયડામિત્ર નહીં મળવા અંગેની ફરિયાદ માત્ર એસ.એમ.એસ., વોટ્સ એપ અથવા પત્ર દ્વારા **ફક્ત વ્યવસ્થાપકને** જ મોકલવી જેથી બીજો અંક પોસ્ટ દ્વારા મોકલી શકાય. મેસેજમાં પોતાનું હાલનું અને જૂનું સરનામુ ખાસ લખવું.

## લગ્ન

**અમદાવાદ :** મૂળ પાટણનાં શ્રી નિશીથભાઈ અરવિંદભાઈ પરીખનાં સુપુત્રી ચિ. સ્તુતિના શુભલગ્ન અમદાવાદનિવાસી મોડાસા એકડા ખડાયતા (વિશા) શ્રી કિરિટભાઈ રમણલાલ શાહનાં સુપુત્ર ચિ. જીગર સાથે તા. ૧૨–૧૨–૨૦૨૪નાં રોજ થયાં છે. આ પ્રસંગે શ્રી નિશીથભાઈ તરફથી વાયડામિત્રને રૂ. ૧૫૦૧/– ભેટ મળેલ છે. અભિનંદન અને આભાર.

## અવસાન

**પાટણ :** મૂળ પાટણ (હાલ સિડની, ઑસ્ટ્રેલિયા)ના સુનિલભાઈ વાડીલાલ શાહ ઉ.વર્ષ ૬૮, તા. ૧૪–૮–૨૦૨૪નાં રોજ શ્રીજીચરણ થયેલ છે.

**ભૂજ :** નલીયાનિવાસી (હાલ ભૂજ) કિશોરભાઈ પ્રાગજીભાઈ શાહ, ઉ.વ. ૬૪, તા. ૧૫–૧૨–૨૦૨૪નાં રોજ શ્રીજીચરણ થયેલ છે.


**અમદાવાદ :** શ્રી ચંદ્રીલભાઈ નગીનદાસ શાહ, ઉ.વ. ૮૦, તા. ૧૫–૧૨–૨૦૨૪ ના રોજ શ્રીજીચરણ થયેલ છે.

**માંડવી :** હરેશભાઈ જેઠાલાલ વાયડા, તા. ૫–૧૨–૨૦૨૪નાં રોજ શ્રીજી ચરણ થયેલ છે.

**અમદાવાદ :** અવંતિકાબહેન રજનીકાંત કિનખાબવાલા, તા. ૨૮–૧૧–૨૦૨૪નાં રોજ શ્રીજીચરણ થયેલ છે.

***

# સ્મરણાંજલિ



**સ્વ. ચંદ્રિલભાઈ નગીનદાસ શાહ**

**જન્મ તા.: ૦૪-૦૯-૧૯૪૪ શ્રીજીચરણ તા.: ૧૫-૧૨-૨૦૨૪**

**માગસર સુદ પૂનમ**

આપે સિંચેલા સંસ્કારોના સહારે અને આપે ચીંધેલા આદર્શ જીવનપથ પર સદા ચાલવાની પરમાત્મા અમને સૌને શક્તિ આપે એ જ પ્રાર્થના.

**પલ્લવીબહેન ચંદ્રિલભાઈ શાહ**

**વૈશાલીબહેન પંક્તિભાઈ શાહ** — **પંક્તિભાઈ ચંદ્રિલભાઈ શાહ**

**અલ્પાબહેન પરાગભાઈ પટેલ** — **પરાગભાઈ અરવિંદભાઈ પટેલ**

**દશ્યા-સાન્વી, યશ્વી-યશ**

***

## શ્રદ્ધાંજલિ





**સ્વ. ચંદ્રિલભાઈ નગીનદાસ શાહ**

**જન્મ તા.: ૦૪-૦૯-૧૯૪૪ શ્રીજીચરણ તા.: ૧૫-૧૨-૨૦૨૪**

પરમકૃપાળુ પરમાત્મા આપના
જીવાત્માને ચિર શાંતિ અર્પે,
તેમ જ આવી પડેલ દુઃખ સહન
કરવાની સૌને શક્તિ આપે
એ જ પ્રાર્થના.

**શ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ**

સ્વ. પરષોત્તમ બેચરદાસ શાહ(ભૂજ-કચ્છ) પરિવારના જય શ્રી કૃષ્ણ

સ્વ. મંજુલાબહેન રસિકલાલ શાહ (કડીવાળા)ના જય શ્રી કૃષ્ણ

## સ્મરણાંજલિ

***



**સ્વ. સુનિલકુમાર રસિકલાલ શાહ**

**જન્મ : ૨૯-૦૯-૧૯૫૬ શ્રીજી ચરણ : ૨૭-૦૯-૨૦૨૪**

- કર્મ એ જ ધર્મ હતો
- પારદર્શક પ્રામાણિકતા એ જ વ્યવહાર હતો
- અન્યના જીવનમાં અજવાળું પાથરવું એ જ ધ્યેય હતો
- ભક્તિ એ જ સંકલ્પશક્તિ હતી

આપનું નિખાલસ વ્યક્તિત્વ, પરગજુ સ્વભાવ, અખંડ આત્મવિશ્વાસ અને અજોડ સંકલ્પબળ અમારા સ્મૃતિપટ પર હંમેશા અંકાયેલ રહેશે.

સ્વ. અનુભાઈ મોતીલાલ શાહ

સ્વ. રમાબહેન અનુભાઈ શાહ

મીતાબહેન શૈલેષભાઈ શાહ — શૈલેષભાઈ અનુભાઈ શાહ

નીતાબહેન સુનિલભાઈ શાહ — સુનિલભાઈ અનુભાઈ શાહ

રિદ્ધિબહેન દિલીપભાઈ ડાકવાલા — દિલીપભાઈ વિનોદભાઈ ડાકવાલા

ગં. સ્વ. લતાબહેન રમેશચંદ્ર પરીખ (પાટણ)ના જય શ્રી કૃષ્ણ

# સ્મરણાંજલિ

***





## સ્વ. સુનિલભાઈ રસિકલાલ શાહ

**જન્મ : ૨૯–૦૯–૧૯૫૬ શ્રીજી ચરણ : ૨૭–૦૯–૨૦૨૪**

**સુનિલભાઈ...**

સંકટ સમયની સાંકળ હતા,
કુટુંબ માટે પ્રેરણાસ્તોત્ર હતા,
જીવનનો એક સાચો દિપસ્તંભ હતા,
જ્ઞાતિનું કેન્દ્રબિંદુ હતા,
વિશાળ દિલવાળા અને જીવનને માણવાની ખુમારી હતી.

તમારું સ્થાન કોઈ લઈ શકશે નહીં. તમે હંમેશા અમારી યાદમાં રહેશો.

| | |
|---|---|
| રેખાબહેન સુધીરભાઈ પરીખ | સ્વ. સુધીરભાઈ મણિકાન્તભાઈ પરીખ |
| નીતાબહેન પંકજભાઈ શાહ | પંકજભાઈ મનુભાઈ શાહ |
| ભાવનાબહેન હિમાંશુભાઈ શાહ | હિમાંશુભાઈ ગુણવંતલાલ શાહ |
| કીર્તિદાબહેન પ્રશાંતભાઈ શાહ | પ્રશાંતભાઈ મનુભાઈ શાહ |

તથા

મનુભાઈ હીરાલાલ શાહ પરિવાર

સ્વ. નિરંજનાબહેન તથા સ્વ. કાંતિલાલ મોતીલાલ શાહ (દેત્રોજ) અને પરિવારના જય શ્રી કૃષ્ણ

# સ્મરણાંજલિ

***



## સ્વ. સુનિલભાઈ રસિકલાલ શાહ

**જન્મ : ૨૯–૦૯–૧૯૫૬ શ્રીજી ચરણ : ૨૭–૦૯–૨૦૨૪**

જ્યોત બનીને કર્યો ઉજાસ, સહુના જીવનમાં
રહેશે આપની મીઠી યાદ, અમારી હરપળમાં

**નજરોથી ભલે દૂર ગયા, પણ આપનો અહેસાસ**
**અમારા અસ્તિત્વમાં કાયમ રહેશે.**


| | |
|---|---|
| સરલાબહેન વિજેશભાઈ શાહ | વિજેશભાઈ (નાનુભાઈ) નગીનદાસ શાહ |
| કલ્પનાબહેન કિરણભાઈ શાહ | કિરણભાઈ નગીનદાસ શાહ |
| ગીતાબહેન જયેશભાઈ શાહ | જયેશભાઈ નગીનદાસ શાહ |
| રન્નાબહેન હિમાંશુભાઈ શાહ | હિમાંશુભાઈ મનહરલાલ શાહ |

કોમેટ ઈન્ડસ્ટ્રીઝ (અમદાવાદ)ના સૌજન્યથી

સ્વ. કાંતિલાલ કૃષ્ણલાલ પરીખ (કડી) અને પરિવારના જય શ્રી કૃષ્ણ

## દ્વિતીય પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

***



### સ્વ. પ્રવીણચંદ્ર બાબુલાલ પરીખ

**જન્મ : ૧૨-૦૬-૧૯૪૩ શ્રીજી ચરણ : ૧૯-૦૧-૨૦૨૨**

અચાનક લીધી વિદાયે મન હજુ માનતું નથી કે આપ અમારી વચ્ચે નથી, ઉદય એનો અસ્ત-આ સનાતન સત્ય હોવા છતાં કેટલાક મૃત્યુ એવા હોય છે કદી વિસરાતા નથી....

પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના.

તિલોત્તમાબેન પ્રવીણચંદ્ર પરીખ

કેયુર પ્રવીણચંદ્ર પરીખ

ધવલ પ્રવીણચંદ્ર પરીખ

રન્ના ધવલ પરીખ

ખુશી ધવલ પરીખ

ખ્વાહીશ ધવલ પરીખ

સ્વ. રતનલાલ ભેરુલાલ કશ્યપ (નાગપુર) અને પરિવારના જય શ્રી કૃષ્ણ

***

Dr. Umang Gandhi, M.D.(Path)
9824267669

Dr. Shashikant V. Vanikar
M.D. (Path & Bact)

Dr. Prashant Modi, DCP
9824603242

Dr. Anish Shah, M.D.(Path)
9825334538

Symmers
Path Care

www.symmerspathcare.com

Ultra Modern Pathology Laboratory & Diagnostic Services

**સીમર્સ પેથોલોજી લેબોરેટરી એન્ડ ડાયેગ્નોસ્ટિક સેન્ટર**

**૩-૪, પલક પ્લાઝા, આઈ.ઓ.સી. પેટ્રોલ પંપ પાછળ, પ્લેટીનમ પ્લાઝા સામે,**

**જજીસ બંગલો રોડ, બોડકદેવ, અમદાવાદ**

**ફોન : ૦૭૯ - ૨૬૮૫૦૦૨૫**

E-Mail : symmersdiagnosticcentre@gmail.com

**Laboratory Network :**

Ashram Road (NABL Accredited)
Bodakdev * Bopal * Sarkhej
Collection Center : Chandkheda

*Best Wishes From*



# Shri Jethalal Acharatal Parikh
# & Smt. Vidhyagauri Jethalal Parikh Family

**RJP Infrastructure Pvt. Ltd.**
Civil Engineers & Contractors - Since 1970
An ISO 9001 : 2008 Company
4th Floor, **RJP House**, Anandnagar Cross Road,
Satellite, Ahmedabad-380015.
079-26931248, 49, 52

**J.J. Parikh & Brothers**
Pharmaceutical Distributors
Since 1947
Mahakant Building, Opp. V.S. Hospital,
Ellisbridge, Ahmedabad-380006.
079-26576493, 26575693

**J. Bipinchandra & Co.**
Pharmaceutical Distributors
Since 1990
Nagarshethno Vando & Biscuit Gali,
Nr. Pankor Naka, Ahmedabad-380001.

**J. J. Parikh Pharma Pvt. Ltd.**
Pharmaceutical Distributors
Since 1996
C & F Agent for Pharmaceutical Companies
Vidhya Estate, Nr. Ekta Hotel,
Sarkhej, Ahmedabad.

**Late Shri Jashubhai J. Parikh - Adv.**
**Mrugesh J. Parikh – Advocate**
Panel Advocate of more than15 insurance companies
3rd Floor, Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.
079-26577317

**JARUN**
**Pharmaceuticals Pvt. Ltd.**
Pharmaceutical Company
Since 2007
Vidhya Estate, Nr. Ekta Hotel,
Sarkhej, Ahmedabad. Tele. No. 9426700326

Ramendra – Gita Parikh
Keval – Kinnari
Chinmayee, Sharman
Vrajesh – Shefali Shelat
Om, Arjun

Jashubhai - Kokilaben Parikh
Harshul - Alpa, Mrugesh - Ratna
Bhrita - Aakar Choksi
Darsh - Ankita, Parita, Darshil,
Bakul - Nita Dalal
Meera - David Burns
Chinmay - Natasha Dalal

Umakant – Maya Parikh
Ina
Hiren – Shruti
Harshank, Mishika
Bhavesh – Shital Choksi
Shivam, Ritika

Registered under Postal Registration No. MEH-296 પ્રકાશન ૧૦/૧/૨૦૨૫



# ઈન્દુભાઈ ડાહયાભાઈ શાહ પરિવાર

## તથા સર્વે કુટુંબીજનોના જય શ્રી કૃષ્ણ

મધુબન, અપંગ માનવ મંડળ પાસે, ડો. વિક્રમ સારાભાઈ રોડ,
અટીરા, અમદાવાદ – ૩૮૦ ૦૧૫

PRINTED BOOK JANUARY 25

If undelivered please return to : Nishith Parikh, D-602, Vishnudhara Gardens, Off. S.G. Highway, Gota-Jagatpur Road, Ahmedabad - 382 470 E- Mail : vayvaset@gmail.com

Printed and Published by Nishith Parikh on behalf of AKHIL BHARTIYA VAYADA PARISHAD ASSOCIATION and printed at Shree Vallabh Printery: 2/B, Ellisbridge Shopping Centre, Opp. Townhall, Ahmedabad - 380 006 and published from D-602, Vishnudhara Gardens, Off. S.G. Highway, Gota-Jagatpur Road, Ahmedabad - 382 470. Editor : Nishith Parikh